અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૭ | અંક : ૧૭૧ | અમદાવાદ | પાના : ૮


ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# GSTની મીટિંગમાં મિડલ ક્લાસને ઝટકો, ઈન્શ્યોરન્સ પ્રીમિયમમાં નહીં મળે રાહત

## વપરાયેલી કાર (ઈલેક્ટ્રિક વાહનો સહિત)ના વેચાણ સંબંધિત વ્યવહારો પર GST 12% થી વધારીને 18% કરવાની મંજૂરી આપવામાં આવી છે

। (એજન્સી) જેસલમેર, તા.૨૧ ।

GST કાઉન્સિલની મીટિંગમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મંત્રીઓએ હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર GST ઘટાડવાની દરખાસ્ત કરવામાં આવી હતી. હાલ GST કાઉન્સિલની આગામી બેઠક સુધી તેને મોકૂફ રાખવામાં આવી છે. જેથી હજુ પણ લોકોએ જૂના ટેક્સ રેટ મુજબ તેમના ઈન્શ્યોરન્સ પ્રીમિયમ ચૂકવવું પડશે.



GST કાઉન્સિલની ૫૫મી મીટીંગમાં હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર પ્રીમિયમ ઘટાડવાના નિર્ણયને મુલતવી રાખવાનું કારણ આપવામાં આવ્યું હતું કે આ અંગે વધુ સ્પષ્ટતાની જરૂર છે. તેમજ તેના અહેવાલને વધુ વ્યાપક બનાવવા માટે વધારાની માહિતી રજૂ કરવા જણાવ્યું છે. હાલમાં, હેલ્થ ઈન્સ્યોરન્સ, ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ અને યુનિટ-લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન ૧૮% GST રેટ હેઠળ આવે છે. એન્ડોમેન્ટ યોજનાઓમાં GST અરજી અલગ છે, પ્રથમ વર્ષમાં ૪.૫%ના રેટથી અને બીજા વર્ષથી ૨.૨૫%ના રેટ લાગુ છે. લાઈફ ઈન્શ્યોરન્સ માટે, સિંગલ પ્રીમિયમ એન્યુઈટી પોલિસી ૧.૮%ના GST રેટ લાગે છે. આ રેટ તમામ વય જૂથોને સમાનરૂપે લાગુ પડે છે. હેલ્થ ઈન્સ્યોરન્સ પરના મંત્રીઓના સમૂહ (GOM) એ ૧૬ ડિસેમ્બરના રોજ રાજ્ય અને કેન્દ્ર સરકારના મહેસૂલ અધિકારીઓને તેની ભલામણો રજૂ કરી હતી.

૫૦% થી વધુ ફ્લાય એશ ધરાવતા ઓટોક્લેવ્ડ એરેટેડ કોંક્રિટ (AAC) બ્લોક્સ HS કોડ ૬૮૧૫ હેઠળ મૂકવામાં આવે છે. આ પછી, તેમના પર પહેલા કરતા ઓછો GST વસૂલવામાં આવશે, જે પહેલા ૧૮% હતો અને હવે તેને ઘટાડીને ૧૨% કરવામાં આવ્યો છે. નાણાપ્રધાન સીતારમણની અધ્યક્ષતામાં મળેલી GST કાઉન્સિલની બેઠકમાં વપરાયેલી કાર (ઈલેક્ટ્રિક વાહનો સહિત)ના વેચાણ સંબંધિત વ્યવહારો પર GST ૧૨%થી વધારીને ૧૮% કરવાની મંજૂરી આપવામાં આવી છે.


GST કાઉન્સિલે નિર્ણય લીધો છે કે ફોર્ટિફાઈડ ચોખાના અનાજ પર ૫% ટેક્સનો એકસમાન દર લાદવામાં આવશે. તેઓ કયા હેતુ માટે ઉપયોગમાં લેવાય છે તે મહત્વનું નથી. અગાઉ તેના પર અલગ-અલગ ટેક્સ રેટ લાગુ પડતા હતા. જેના કારણે ટેક્સ સિસ્ટમ થોડી મુશ્કેલ બની હતી.

ખાવા માટે તૈયાર પોપકોર્ન પર GST અંગે કાઉન્સિલે સ્પષ્ટતા કરી હતી કે મીઠું અને નમકીન જેવા મસાલા ધરાવતા પોપકોર્નને પેકેજિંગ વગર વેચવામાં આવે તો તેના પર ૫% GST લાગશે. આ સિવાય પ્રી-પેકેજ અને લેબલવાળા પોપકોર્ન પર ૧૨% GST ચૂકવવો પડશે. જો કે, HS ૧૭૦૪ ૯૦ ૯૦ કોડ હેઠળ કન્ફેક્શનરી તરીકે વર્ગીકૃત કરાયેલા કારમેલ પોપકોર્ન જેવી સુગર-કોટેડ જાતો પર ૧૮% GST લાગશે. GST કાઉન્સિલે શનિવારે જીવન અને સ્વાસ્થ્ય વીમા પૉલિસી પ્રિમિયમ પરના ટેક્સના દરમાં ઘટાડો કરવાના નિર્ણયને મોકૂફ રાખ્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. GST કાઉન્સિલની ૫૫મી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ સંબંધમાં કેટલાક વધુ ટેકનિકલ પાસાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. આ મામલો વધુ ચર્ચા-વિચારણા માટે જીઓએમને સોંપવામાં આવ્યો હતો. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં અને રાજ્યોના તેમના સમકક્ષોની હાજરીમાં કાઉન્સિલ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ જણાવ્યું હતું કે જૂથ, વ્યક્તિગત, વરિષ્ઠ નાગરિક નીતિઓ પર કરવેરા અંગે નિર્ણય લેવા વીમા પર જીઓએમની બીજી બેઠક થશે. ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે કેટલાક સભ્યોએ વધુ ચર્ચાની જરૂર હોવાનું જણાવ્યું હતું. અમે (GoM) જાન્યુઆરીમાં ફરી મળીશું.

### શું ભલામણો હતી?

હેલ્થ ઈન્સ્યોરન્સ માટે છૂટ: ઈંસ એ કુટુંબના સભ્યોને આવરી લેતી શુદ્ધ મુદતની જીવન વીમા પૉલિસીઓ માટે GST મુક્તિની દરખાસ્ત કરી હતી. આનો અર્થ એ થશે કે આ પોલિસીઓ GSTને આધીન રહેશે નહીં, જે પોલિસીધારકો પરનો નાણાકીય બોજ ઘટાડશે. - વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા પર મુક્તિ: અન્ય મુખ્ય ભલામણો ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા પૉલિસી પર GSTમાંથી મુક્તિ છે, જે વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સંભાળને વધુ સસ્તું બનાવવામાં મદદ કરશે.

પર્સનલ હેલ્થ ઈન્સ્યોરન્સ પર GST રેટ ઘટાડવો: GOM એ તમામ પર્સનલ હેલ્થ ઈન્શ્યોરન્સ પૉલિસી પર GST રેટ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ના વિકલ્પ વિના ઘટાડીને ૫% કરવાની પણ દરખાસ્ત કરી છે. તેનો ઉદ્દેશ્ય પ્રક્રિયાને સરળ રાખીને વ્યક્તિઓ માટે સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમની કિંમત ઘટાડવાનો છે.



## બાંગ્લાદેશમાં ૪૮ કલાકમાં ત્રણ હિન્દુ મંદિરો પર હુમલા

। ઢાકા, તા.૨૧ ।

બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ ત્યાં સતત હિન્દુઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. હિન્દુઓના ઘર અને મંદિર પર સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે આ જ કડીમાં બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજ પુરમાં બદમાશોએ બે દિવસની અંદર ત્રણ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરીને આઠ મૂર્તિઓને ખંડિત કરી દીધી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પોલીસે એક મંદિરમાં તોડફોડના મામલે એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે.

## તબીબોની અછત છે, મેડિકલની બેઠકો વ્યર્થ ન જવી જોઇએ : SC

। નવી દિલ્હી, તા.૨૧ ।

મેડિકલ કોર્સની ખાલી બેઠકો ભરવા માટે કાઉન્સેલિંગનો નવો રાઉન્ડ યોજવાનો એડમિશન ઓથોરિટીને આદેશ આપતાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે દેશમાં ડોક્ટરોની તીવ્ર અછત છે ત્યારે મેડિકલની કિંમતી બેઠકો વ્યર્થ ન જવી જોઈએ. જસ્ટિસ બી આર ગવઈ અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે એડમિશન ઓથોરિટીઓને સ્પેશિયલ કાઉન્સેલિંગ કરવા અને ૩૦ ડિસેમ્બર સુધીમાં મેડિકલ કોર્સ માટે એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરવાની તાકીદ કરી હતી.

## મધ્યપ્રદેશના નવાપુરા વિસ્તારના એક મકાનમાં ભીષણ આગ લાગી

। દેવાસ શહેર, તા.૨૧ ।

મધ્ય પ્રદેશના દેવાસ શહેરના નયાપુરા વિસ્તારમાં શનિવારે વહેલી સવારે એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. જેમાં એક જ પરિવારના ૪ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. આ દુર્ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.


### નાણાની જોગવાઈ કરવાની, દેવા-મર્યાદાને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત નામંજૂર

# ડોનાલ્ડ ટ્રમ્પની દરખાસ્ત ફગાવાતાં અમેરિકામાં શટડાઉનનો ખતરો ઊભો થયો

**પ્રતિનિધિગૃહમાં ટ્રમ્પની દરખાસ્તને બે-તૃતીયાંશ બહુમતી મળી ન હતી અને દરખાસ્તને ૧૭૪ વિરુદ્ધ ૨૩૫થી ફગાવી દેવામાં આવી હતી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકામાં પ્રતિનિધિ ગૃહે નવનિર્વાચિત પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કરેલી દરખાસ્તને ગુરુવારે ફગાવી દેતા અમેરિકામાં શુક્રવારની મધ્યરાત્રીથી સરકારી શટડાઉનનો ખતરો ઊભો થયો છે. ટ્રમ્પે સરકારી કામકાજ ચાલુ રાખવાના નાણાની જોગવાઈ કરવા અને દેવા મર્યાદાને સસ્પેન્ડ કરવાની નવી દરખાસ્ત કરી હતી. જોકે ડેમોક્રેટ સાંસદોએ ટ્રમ્પની આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો અને તેમને ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકનના કેટલાંક સભ્યોનું પણ સમર્થન મળ્યું હતું.



પ્રતિનિધિગૃહમાં ટ્રમ્પની દરખાસ્તને બે-તૃતીયાંશ બહુમતી મળી ન હતી અને દરખાસ્તને ૧૭૪ વિરુદ્ધ ૨૩૫થી ફગાવી દેવામાં આવી હતી. જોકે ગૃહના સ્પીકર માઈક જોન્સને શુક્રવાર મધરાત્રી ડેડલાઈન પહેલા ફરી પ્રયાસ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મતદાન પહેલા જોન્સને જણાવ્યું હતું કે અમે અહીં યોગ્ય વસ્તુ કરવા જઈ રહ્યા છીએ, જોકે બિલને બહુમતી પણ ન મળી ન હતી. આના પરિણામે ટ્રમ્પ અને તેમના અબજોપતિ સાથીદાર ઈલોનને મોટો આંચકો લાગ્યો હતો, કારણ કે અગાઉ નાતાલની રજાઓ પહેલા સરકારી શટડાઉન ટાળવા માટે જોન્સને એક દ્વિપક્ષીય ડીલ કરી હતી, પરંતુ તેનો ટ્રમ્પ અને મસ્કે જોરદાર વિરોધ કર્યો હતો.ટ્રમ્પ વ્હાઉસ હાઉસમાં ૨૦ જાન્યુઆરીથી વાપસી કરી રહ્યાં છે ત્યારે શટડાઉનની આ સંભાવના દર્શાવે છે કે અમેરિકામાં વધુ અસ્થિરતા આવી શકે છે. ટ્રમ્પના પ્રથમ ટર્મમાં ૨૦૧૮ની ક્રિસમસ સિઝન દરમિયાન અમેરિકાના ઈતિહાસમાં સૌથી લાંબું સરકારી શટડાઉન નોંધાયું હતું. ટ્રમ્પે શટડાઉનને ટાળવવા માટે ત્રણ મહિના માટે સરકારી ખર્ચની જોગવાઈ કરવાની દરખાસ્ત કરી છે. આ ઉપરાંત તેમણે સરકારની ઋણ મર્યાદાને પણ સસ્પેન્ડ કરવાની દરખાસ્ત કરી હતી, જેથી સરકાર તેના ખર્ચ માટે સરકાર ૩૦ જાન્યુઆરી ૨૦૨૭ સુધી વધુ ઋણ લઈ શકે છે.

### ફ્લાઈટ સેવા બંધ કરવામાં આવી

# રશિયા પર થયો ૯/૧૧ જેવો ઘાતક હુમલો, યુક્રેનના ૮ ડ્રોન એટેકથી મચ્યો હડકંપ

## ડ્રોન હુમલો મોસ્કોથી ૫૦૦ માઇલ (૮૦૦ કિમી) પૂર્વમાં આવેલા કઝાનમાં રહેણાંક સંકુલ અને એરપોર્ટ પર થયો



। (એજન્સી) કઝાન, તા.૨૧ ।

યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાના કઝાન શહેર પર મોટો ડ્રોન હુમલો થયો છે. આ શહેર રાજધાની મોસ્કોથી ૮૦૦ કિલોમીટર દૂર છે. હાલમાં જ આ શહેરમાં બ્રિક્સ દેશોની સંમેલન યોજાઈ હતી, જેમાં પીએમ નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, આ હુમલાના સમાચાર ટેલિગ્રામ મેસેજિંગ એપ દ્વારા આપવામાં આવ્યા હતા. કઝાન એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે યુક્રેનિયન ડ્રોન હુમલા બાદ ફ્લાઈટ્સનું આગમન અને પ્રસ્થાન અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે.

રશિયન રાજ્ય સમાચાર એજન્સીઓએ જણાવ્યું હતું કે મોસ્કોથી લગભગ ૫૦૦ માઈલ (૮૦૦ કિમી) પૂર્વમાં આવેલા શહેર કાઝાનમાં ડ્રોન હુમલાઓ ઓછામાં ઓછા છ રહેણાંક સંકુલોને ફટકાર્યા હતા. TASS એજન્સીએ જણાવ્યું હતું કે આઠ ડ્રોન હુમલાઓ રેકોર્ડ કરવામાં આવ્યા હતા, જેમાંથી છ રહેણાંક મકાનો પર હતા. મીડિયા અહેવાલો અનુસાર, કમલ્યાએવા એવન્યુ (બે ડ્રોન), ક્લેરા ત્સેટકીન સ્ટ્રીટ, યુટાઝિન્સકાયા સ્ટ્રીટ, ખાદી તકતશ સ્ટ્રીટ, ક્રેસ્નાયા પોસિટ્સિયા અને ઓરેનબર્ગસ્કી ટ્રેક્ટ પરની ઈમારતો ડ્રોન હુમલાનો ભોગ બની હતી. સમાચાર એજન્સીઓએ સ્થાનિક અધિકારીઓને ટાંકીને હુમલાની જાણ કરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. રશિયાની સુરક્ષા સેવાઓની નજીકની એક ટેલિગ્રામ ચેનલે વીડિયો ફૂટેજ શેર કર્યો છે. આમાં એક હવાઈ વસ્તુ ઊંચી ઈમારત સાથે અથડાતી જોવા મળે છે, જેના કારણે મોટો ભડાકો થયો છે. કહેવામાં આવી રહ્યું છે કે કઝાનના ઉત્તર-પૂર્વમાં આવેલા નાના શહેર ઈઝેવસ્કના એરપોર્ટ પર પણ અસ્થાયી પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યો છે.

રશિયન સરકારે ડ્રોન હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. હુમલા બાદ કઝાનમાં સત્તાવાળાઓએ કટોકટી પ્રતિભાવ પ્રયાસો શરૂ કર્યા અને અસરગ્રસ્ત ઈમારતોમાંથી રહેવાસીઓને બહાર કાઢ્યા.

### દર ૧૨ વર્ષે મહાકુંભનું આયોજન કરવામાં આવે છે

# પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે અમદાવાદથી ફ્લાઇટ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૧ ।

એરલાઈન કંપની સ્પાઈસજેટે મહાકુંભ ૨૦૨૫ માટે ખાસ તૈયારીઓ કરી છે. મહાકુંભમાં જતા શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે સ્પાઈસ જેટે દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને અમદાવાદથી પ્રયાગરાજ માટે વિશેષ દૈનિક ફ્લાઈટની જાહેરાત કરી છે. સ્પાઈસજેટે કહ્યું કે આ ફ્લાઈટ્સ ૧૨ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ચાલશે. આ વિશેષ ફ્લાઈટ્સ મહા કુંભમાં જનારા લાખો શ્રદ્ધાળુઓને સરળ અને અનુકૂળ મુસાફરીનો વિકલ્પ પ્રદાન કરશે. અમદાવાદ અને પ્રયાગરાજ વચ્ચે નોન-સ્ટોપ ફ્લાઈટ સેવાઓ આપનારી સ્પાઈસજેટ એકમાત્ર એરલાઈન છે, જે ગુજરાતના યાત્રાળુઓને સહજ અને સુવિધાજનક મુસાફરીનો વિકલ્પ પૂરો પાડે છે. મહા કુંભમેળો એ વિશ્વનો સૌથી મોટો જાહેર વિશ્વાસનો મેળાવડો છે, જે તપસ્વીઓ, સંતો, સાધુઓ, સાધ્વીઓ, કલ્પવાસીઓ અને જીવનના તમામ ક્ષેત્રોના યાત્રાળુઓને આકર્ષે છે. પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાતો મહા કુંભ મેળો, દર ૧૨ વર્ષે યોજવામાં આવે છે, જે લાખો લોકો માટે જીવનમાં એકવાર આધ્યાત્મિક અનુભવ બનાવે છે. Spicejet એ જણાવ્યું કે તીર્થયાત્રીકોની સારી યાત્રા અને આરામદાયક અનુભવ માટે બધી ફ્લાઈટ્સનું ટાઈમિંગ ખુબ સુવિધાજનક રાખવામાં આવ્યું છે. આ સ્પેશિયલ ફ્લાઈટ્સ માટે બુકિંગ હવે www.spicejet.com, સ્પાઈસજેટ મોબાઈલ એપ અને ઓનલાઈન ટ્રાવેલ પોર્ટલ તથા એજન્ટોના માધ્યમથી શરૂ થઈ ગયું છે. સ્પાઈસજેટના ઝર્ફ દેબોજો મહર્ષિએ કહ્યુ- મહાકુંભ મેળો માત્ર એક ધાર્મિક આયોજન નથી, પરંતુ આસ્થા, ભક્તિ અને એકતાનો ઉત્સવ છે. સ્પાઈસજેટમાં, અમે સુવિધાજનક કનેક્ટિવિટી અને આરામદાયક યાત્રા અનુભવ પ્રદાન કરી આ બાબતે ગર્વ કરીએ છીએ.

### સુપ્રીમ કોર્ટે એક કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો

# આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો પ્રસ્થાપિત કરવા પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવા જરૂરી : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।


આત્મહત્યાની ઉશ્કેરણી અંગેના એક કેસમાં મહત્વનો ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો પ્રસ્થાપિત કરવા માટે આરોપી વિરુદ્ધ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવા હોવા જરૂરી છે. ૨૫ વર્ષની એક પરણિતાની આત્મહત્યાના કેસમાં પતિ અને તેના પરિવારજનોને છોડી મુકતા એક આદેશમાં જસ્ટિસ બી.આર. ગવઈ તથા કે.વી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે, આઈપીસીની કલમ ૩૦૬ હેઠળ કામ ચલાવવા માટે, આરોપી એ પીડિતને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણા આપી હોય તેના પુરાવાર કરવું જરૂરી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, આવી ઉશ્કેરણી એ પીડિત દ્વારા કરાયેલી આત્મહત્યાના કારણો સાથે સંલગ્ન હોવી જોઈએ. આ ઉશ્કેરણી એવી હોય કે જેમાં આરોપીનો સામેની વ્યકિતને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવાનો ઈરાદો સ્પષ્ટ થતો હોય અને જેના લીધે પીડિત એવી સ્થિતિમાં મુકાઈ જાય કે તેની પાસે જીવન ટૂંકાવી દેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બાકી ના રહ્યો હોય. બેન્ચે જણાવ્યું હતું કે, ઉશ્કેરણીમાં માનસિક રીતે ઉશ્કેરવાનો અથવા ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કોઈ ચોક્કસ કાર્ય કરવા જેવી બાબતો સામેલ છે.

### દલિત સમુદાય માટે AAP સરકારની મોટી જાહેરાત

# વિશ્વની કોઇપણ કોલેજમાં નિશુલ્ક શિક્ષણની ગેરંટી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દલિત સમુદાયના બાળકો માટે મોટી જાહેરાત કરી છે. 'આંબેડકર શિષ્યવૃત્તિ'ની જાહેરાત કરતી વખતે, AAP સરકારે વચન આપ્યું છે કે જો દિલ્હીમાં દલિત સમુદાયનું કોઈ બાળક ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વિશ્વની કોઈપણ કૉલેજમાં જવા માંગે છે. તેનો સમગ્ર ખર્ચ દિલ્હી સરકાર ઉઠાવશે. ઉપાડશે. આ જાહેરાત દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું કે, "દલિત સમુદાયનો કોઈ બાળક શિક્ષણ મેળવવાથી વંચિત ન રહેવો જોઈએ, જો બાળક વિશ્વની કોઈપણ ટોચની યુનિવર્સિટીમાં ભણવા માંગે છે તો તેનો સમગ્ર ખર્ચ દિલ્હી સરકાર ઉઠાવશે." અરવિંદ કેજરીવાલે કહ્યું, "જેમ બાબા સાહેબે દેશમાં અભ્યાસ કર્યો અને બે વિષયોમાં પીએચડી કર્યું, તે દરમિયાન તેમને પૈસાની તંગીનો સામનો કરવો પડ્યો. આજે આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ. આજે દલિત બાળકને ભણવામાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. ત્યાં બાબા સાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા બતાવેલ માર્ગ પર જો કોઈ બાળક ચાલવા માંગતું હોય તો તેને કોઈપણ પ્રકારની સમસ્યા ન થવી જોઈએ, તો અમે તમને સમર્થન આપીશું. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું, "ત્રણ દિવસ પહેલા સંસદની અંદર દેશના ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા અમિત શાહે બાબા સાહેબ આંબેડકરનું અપમાન કર્યું હતું. તેમણે બાબા સાહેબ આંબેડકરની મજાક ઉડાવી હતી. હું મારી જાતને બીઆર આંબેડકરનો ભક્ત માનું છું." જો કોઈ પક્ષ કે નેતા આંબેડકરનું અપમાન કરે છે તો અમે તેની નિંદા કરીએ છીએ. અરવિંદ કેજરીવાલે કહ્યું, "આવી સ્થિતિમાં તેઓ બાબા સાહેબ આંબેડકરના સન્માનમાં એક મોટી યોજનાની જાહેરાત કરી રહ્યા છે.



# ત્રિદિવસીય સુવાલી બીચ ફેસ્ટિવલનો રંગારંગ પ્રારંભ: ૨૨મી ડિસેમ્બર સુધી બીચ ફેસ્ટિવલ માણવાની તક

। (એજન્સી) અરવલ્લી, તા.૨૧ ।

દરિયાકિનારાના પ્રવાસન સ્થળો, વિવિધ બીચ પર પ્રવાસનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા.૨૦ થી ૨૨મી ડિસેમ્બર દરમિયાન આયોજિત ત્રિદિવસીય સુવાલી બીચ ફેસ્ટિવલને વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ખૂલ્લો મૂકાયો હતો. આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, સાંસદ સર્વશ્રી મુકેશભાઈ દલાલ, પ્રભુભાઈ વસાવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આપણું રાજ્ય કુદરતી સંપદાઓથી ભરેલું છે. ગુજરાત પાસે સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટર દરિયાકાંઠો છે. વર્તમાન સમયમાં આ દરિયાકિનારાને રમણીય પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે રાજ્ય સરકાર કાર્યરત છે, એટલું જ નહીં, કુદરતી સુંદરતાથી ભરપૂર અનેક નાના નાના બીચોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે, સ્વસહાય જૂથો, સખીમંડળની બહેનો પોતાની હસ્તકલા, ગૃહઉદ્યોગની



ચીજવસ્તુઓ વેચીને આજીવિકા મેળવી શકે એ માટે આગામી દિવસોમાં પાકી દુકાનો, સ્થાયી સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે. ખારા પાણીમાંથી પીવાના મીઠા પાણીના ફિલ્ટર પ્લાન્ટ માટે રૂ.૧ કરોડ હજીરા નોટીફાઈડ એરિયાના ભંડોળમાંથી ફાળવવામાં આવ્યા છે. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, વર્ષોથી આ વિસ્તારના લોકોની રજૂઆતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે કરોડોના ખર્ચે સુવાલી બીચને પ્રવાસનધામ તરીકે વિકસાવવાનું બીડું ઝડપ્યું છે. સુરત સહિત સ્થાનિક લોકો માટે રોજગારીનું આગવું કેન્દ્ર તેમજ હરવા ફરવાના શોખીનોને વધુ એક પ્રવાસન સ્થળ તરીકે સુવાલી બીચ લોકપ્રિય બની રહ્યો છે. વનમંત્રીશ્રીએ કહ્યું કે, સુવાલીના દરિયાકિનારે લોકો આવીને સૌદર્યનો લહાવો લઈ શકે તે માટે હાલ રૂ. ૨૮ કરોડના ખર્ચે રોડ રસ્તા, વીજળી, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈ દ્વારા બીચને ડેવલપ કરવા માટે સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં પીપીપી ધોરણે એડવેન્ચર પાર્ક બને તેવું આયોજન હોવાનું જણાવી ડભારી દરિયા કિનારાને ડેવલપ કરવા રૂ.૧૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા હોવાની વિગતો આપી હતી. વનમંત્રીશ્રીએ ઉમેર્યું કે, એક સમયે ગોઝારો ગણાતો બીચ આજે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. સુવાલી દરિયામાં અકસ્માત સર્જતી ટેકરી કુદરતી રીતે ડિમોલિશ થઈ ગઈ છે એમ જણાવી આ બીચના સ્થળે અકસ્માતોનું પ્રમાણ ઘટે તે માટે સહેલાણીઓ દરિયામાં ન્હાવા ન જવા અને જોખમ ન ખેડવા તેમજ જરૂરી સાવધાની કેળવવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### સાઉથ બોપલમાં બિલ્ડરે પ્રિ- બુકિંગના નામે લોકોને છેતર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદના સાઉથ બોપલમાં એક બિલ્ડરે પ્રિ-બુકિંગના નામે ૨૦૦થી વધુ લોકો પાસેથી ૪૦ કરોડ રૂપિયા એકઠા કર્યા અને પછી ફરાર થઈ ગયો. "રિચમંડ પ્રિવિલોન" અને "સેલેસ્ટિયલ" નામની સ્કીમોમાં ફ્લેટ બુક કરાવનારા લોકો પોતાના નાણાં ગુમાવવાના ડરથી ચિંતિત છે. કેટલાકને ચેક આપવામાં આવ્યા છે જે બાઉન્સ થયા છે. આ સમગ્ર મામલે હવે ભોગ બનનારા લોકોએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. શહેરોમાં વસતો નોકરીયાત મધ્યમવર્ગ પોતાનું ઘરનું ઘર વસાવવા માટેના સપના જોતો હોય છે. પરંતુ અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં બિલ્ડરે પ્રિ-બુકિંગના નામે લોકોને છેતર્યા છે. ૪૦ કરોડ લઈને બિલ્ડર ફરાર છે અને બુકિંગ કરાવનાર લોકો પોતાની મરણમૂડીને લઈને ચિંતિત છે. અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં ઘર લેવાના નામે ૨૦૦ લોકો છેતરપિંડીનો શિકાર બન્યા છે. પ્રિવિલોન બિલ્ડકોન એલએલપીએ ૩ અને ૨ બીએચકેના ફ્લેટની બે સ્કીમ મૂકી હતી. રિચમંડ પ્રિવિલોન અને અને સેલેસ્ટિયલ નામની સાઈટમાં બિલ્ડરે પ્રી-બુકિંગ શરૂ કર્યું. બુકિંગ પેટે ૨૦૦થી વધુ લોકોએ પાસેથી રૂ.૧૫ લાખ સુધીની લીધી હતી. હવે એવુ સામે આવી રહ્યું છે કે બિલ્ડરે જમીનના પૂરા નાણાં ચુકવ્યા ન હોવાથી સોદો રદ થયો.

### સુરતનાં શાકમાર્કેટમાં છુટા હાથની મારામારી થઇ

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

જાહેરમાં ધોળા દિવસે બધાની સામે થયેલી આ મારામારીને લઈને પોલીસની કામગીરીને લઈને પણ ગંભીર સવાલો ઉઠ્યા છે. વીડિયોમાં એ વસ્તુ પણ જોવા મળી રહી છે કે એક વ્યક્તિ દ્વારા મહિલાને માર મારવામાં આવી રહ્યો છે. સાથે જ મહિલા પણ મારામારી કરી રહી છે. જોકે આસપાસ ઉભેલા લોકો પણ આ મારામારીના દ્રશ્યો જોઈ રહ્યા છે પણ કોઈ વચ્ચે પડીને આમને છોડાવી નથી રહ્યું. સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્વરાજ કોમ્પ્લેક્ષ આવેલું છે. જેની સામે આ સબ્જી માર્કેટ ચાલે છે. આ સબ્જી માર્કેટમાં લારી લગાવવા મુદ્દે છૂટ્ટા હાથની મારામારી થઈ હતી. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. સાથે જ યુઝર્સ પણ વીડિયો જોઈને નવાઈ પામી ગયા છે. ઉલ્લેખનીય છે કે આ બનાવમાં એક વ્યક્તિ મહિલાને જાહેરમાં ઢોરમાર મારતો નજરે પડી રહ્યો છે. તેમ છતાં આસપાસ ઉભેલા લોકો જોઈ રહ્યા છે પણ કોઈ છોડાવી નથી રહ્યું. ધોળા દિવસે થયેલી આ મારામારીને લઈને પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થઈ રહ્યા છે.

## ઘુમા-શીલજ ઓવરબ્રિજ : ૬ વર્ષે ખબર પડી કે બ્રિજ પૂરો થતાં સામે દિવાલ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદના ચકચારભર્યા હાટકેશ્વર બ્રિજનો મામલો હજી ભુલાયો નથી ત્યાં હવે શીલજ-ઘુમા રેલવે ઓવરબ્રિજ ચપ્પાનો વિષય બન્યો છે. રૂપિયા ૮૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલાં ઓવરબ્રિજના છેડે રસ્તો જ ન હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે. આ બ્રિજના છેડે રહેણાક વિસ્તારની દિવાલ છે. જેથી ઓવરબ્રિજ પરથી પસાર થનારાં વાહનચાલકો આગળ કેવી રીતે જશે એ સવાલ ઉભો થયો છેઅમદાવાદમાં ૮૦ કરોડના ખર્ચે ઘુમા-શીલજને જોડતો રેલ્વે બ્રિજ તૈયાર થઈ રહ્યો છે.

છેલ્લાં પાંચેક વર્ષથી ઓવરબ્રિજની ૮૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે, પણ હવે જ્યારે કરોડો રૂપિયા ખર્ચે તૈયાર થયેલો ઓવરબ્રિજનું ઉદ્‌ઘાટન કરવાનો સમય આવ્યો ત્યારે જ બ્રિજ નિર્માણની કામગીરી અટકી પડી છે, તેનું કારણ એ છે કે બ્રિજના છેડે જઈ શકાય તેવી કોઈ સ્થિતિ જ નથી.શીલજ તરફ જવા માટે બ્રિજ પૂરો થાય તે પછી ૩૦ ફુટના અંતરે દિવાલ છે. આગળ જવાનો કોઈ રસ્તો જ નથી, પરિણામે વાહનો કેવી રીતે અવરજવર કરશે તે પ્રશ્ન છે. માત્રને માત્ર ૧૦-૧૨ ફુટના સાંકડો રસ્તો છે, ત્યાકે બ્રિજ પરથી શિલજ તરફ વાહનો કેવી રીતે જશે તે પ્રશ્ન છે. આ ઓવરબ્રિજે ઔડા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીની પોલ ખુલ્લી પાડી છે. અણઘડ આયોજનને કારણે હવે રેલ્વે ઓવરબ્રિજ શરૂ થઈ શકે તેમ નથી. અધિકારીઓનું કહેવું છે કે, શીલજ તરફ જવા ૪૫ મિટરનો રોડ માટેની પ્રક્રિયા કરવા ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવા સૂચના અપાઈ હતી

હવે બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે પરંતુ તે શરૂ ક્યારે થશે તે સવાલ છે. આ વખતે એવું નથી કે કોઈ નેતા કાર્યક્રમમાં વ્યસ્ત છે પરંતુ આ વખતે મુદ્દો ખૂબ જ હાસ્યાસ્પદ અને તંત્રના અણઘડ આયોજનની ચાડી ખાતો છે. આ બ્રિજનો એક છેડો ખુલ્લો છે પરંતુ બીજા છેડે બ્રિજ પૂરો થતાં સીધી દિવાલ દેખાય છે. પરિણામે આ બ્રિજ બનાવવાનો શ્રેય કોણ લેશે એ સવાલ છે.આ અંગે સ્થાનિકોના કહેવા પ્રમાણે બ્રિજ બની ગયો હોવા છતાં અમારી માટે આ છેડેથી બીજા છેડે જવા માટે બ્રિજ કોઈ કામનો નથી. ૬ વર્ષથી આ બ્રિજ બની જાય તેની રાહ જોતાં હતા કારણ કે અડધી રાતે પણ ફાટક બંધ હોય ત્યારે ઉભા રહેવું અઘરું હતું.

### સવારે ૦૬:૧૫ વાગ્યે મંગળા આરતીના દર્શન

## ડાકોર અને દ્વારકાધીશના મંદિરના દર્શન-આરતીના સમયમાં ફેરફાર

### ધનુર્માસનો પ્રારંભ થતા ડાકોર અને દ્વારકામાં ભગવાનના દર્શન કરવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ધનુર્માસનો પ્રારંભ થતા ડાકોરમાં ભગવાન રણછોડરાયજીના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સવારે ૦૬:૪૫ વાગ્યે થતી મંગળા આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. જેમાં હવે શ્રદ્ધાળુઓ સવારે ૦૬:૧૫ વાગ્યે મંગળા આરતીના દર્શન કરી શકશે. ધર્નુમાસ દરમિયાન રણછોડરાયજીને વિશેષ ખીચડીનો ભોગ ધરાવવામાં આવે છે. પ્રસિદ્ધ દ્વારકાધીશ જગતમંદિર ખાતે ધનુર્માસના ઉત્સવોમાં ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરાયો હોવાથી ૧૯-૨૪ ડિસેમ્બર એટલે કે મંગળવાર અને ગુરુવારે સવારે ૦૫:૩૦ વાગ્યે મંગળા આરતી, ૧૦:૩૦ વાગ્યે અનોસર, સાંજે ૦૫:૦૦ વાગ્યે ઉત્થાપન અને ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે. જ્યારે જાન્યુઆરી ૨૦૨૫માં પણ ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ૦૭ અને ૦૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૦૫:૩૦ વાગ્યે મંગળા આરતી, ૧૦:૩૦ વાગ્યે અનોસર, સાંજે ૦૫:૦૦ વાગ્યે ઉત્થાપન અને ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

### પ્રાથમિક શાળાથી ૧૮ વર્ષની ઉંમર સુધીના બાળકોની આરોગ્ય ચકાસણી

## આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં શાળાના ૩૨ બાળકો કેન્સર પીડિત હોવાનો ખુલાસો

। (એજન્સી) અરવલ્લી, તા.૨૧ ।

અરવલ્લી જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીથી ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોના આરોગ્યની ચકાસણીમાં કેન્સર અને હાર્ટને લગતી બીમારીઓ ધરાવતા શંકાસ્પદ બાળકોના મોટા પ્રમાણમાં આંકડા સામે આવ્યા છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા થોડા દિવસો પહેલા અરવલ્લી જિલ્લામાં આંગણવાડી, પ્રાથમિક શાળાથી ૧૮ વર્ષની ઉંમર સુધીના બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ચોંકાવનારા અને ચિંતાજનક આંકડાઓ સામે આવ્યા છે. કુલ ૩૨ બાળકોને કેન્સર, ૧૮૮ બાળકોને હૃદય રોગ તેમજ ૮ બાળકોને બોલવા સાંભળવામાં તકલીફ તેમજ જુદી જુદી અન્ય બીમારીઓ ધરાવતા ૩૦૧ શંકાસ્પદ બાળકો મળી આવ્યા છે. જિલ્લામાં ૧૮ વર્ષ સુધીના બાળકોમાં આવી ગંભીર બીમારીઓ સામે આવતા બાળકોના વાલીઓમાં પણ ચિંતા વધી છે. સાથે જ આરોગ્ય વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર માટે પણ ચિંતા ઊભી થઈ છે. જોકે આવા બાળકોને સમયસર સારવાર માટે અમદાવાદની જાણીતી સરકારી હોસ્પિટલોમાં દવા ચાલુ કરાવી દેવામાં આવી છે. જોકે શાળાના બાળકોમાં વધતું આવા રોગના પ્રમાણે લોકોની ચિંતા પણવધારી દિધી છે.

### બારડોલી નગરમાં એક બાજુ એનઆરઆઈ સિઝન પણ ચાલુ હોય

## બારડોલીમાં નગરપાલિકાના અણઘડ વહીવટને લઈને નગરજનો ત્રસ્ત બન્યા

### ગટર લાઈનની કામગીરીના નામે ખોદકામ કરી અને સમયસર પૂર્ણ નહીં કરાતા આજે એક અંતિમ યાત્રા ભર કાદવમાંથી કાઢવામાં આવી

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરત જિલ્લાના બારડોલીમાં નગરપાલિકાના અણઘડ વહીવટને લઈને નગરજનો ત્રસ્ત બન્યા છે. ઘણા દિવસોથી ઠેર ઠેર ગટર લાઈનની કામગીરીના નામે ખોદકામ કરી અને સમયસર પૂર્ણ નહીં કરાતા આજે એક અંતિમ યાત્રા ભર કાદવમાંથી કાઢવામાં આવી હતી.

જિલ્લામાં હંમેશાને માટે વિવાદાસ્પદ રહેલ બારડોલી નગરપાલિકાના શાસકોની વધુ એક લાલિયાવાડી સામે આવી છે. બારડોલીમાં છેલ્લા ઘણા સમયથી ગટર લાઈનની કામગીરીના નામે આડેધડ ખોદકામ કરી દેવામાં આવ્યા છે. નગરપાલિકામાં શાસકો નિષ્ક્રિય હોય, અધિકારીઓ પણ કોઈ કામ સમયસર પૂર્ણ કરતા નથી. અનેક જગ્યાએ ખોદકામ કરવામાં આવ્યું છે. જેથી ખોદકામ કરેલું સ્થળ હોય ત્યાં કાદવ, કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું છે. જોકે આ કાદવ કીચડ અને ગંદકીની પરિસ્થિતિ વચ્ચે આજે કેટલાક વરવા દશ્યો સામે આવ્યા હતા. નગરના મુખ્ય માર્ગ નજીક આવેલ બેન્ડવાલા ટેકરા પાસેનો રસ્તો ખોદી કાઢવામાં આવતા એક અંતિમયાત્રાને પસાર નીકળી હતી. આ યાત્રા માટે અન્ય બીજા કોઈ રસ્તેથી નીકળે તે પણ શક્ય ન હતું. જેથી કાદવ કીચડ વાળા રસ્તામાંથી અંતિમયાત્રા પસાર કરવાની નોબત આવી હતી.

બારડોલી નગરમાં એક બાજુ એનઆરઆઈ સિઝન પણ ચાલુ હોય, સ્થાનિક નાના મોટા દુકાનદારોને વ્યાપાર અને વ્યવસાય કરવાનો ખરો સમય હોય ત્યારે બારડોલી નગરપાલિકા દ્વારા આડેધડ ખોદકામ કરીને માર્ગો બંધ કરી દેવાના સ્થાનિક રહીશો તો તોબા પોકારી ઉઠ્યા છે. ગટર લાઈનના નામે અનેક જગ્યાએ ખોદકામો કરાયા છે.

### વેપારી કારની લે-વેચનું કામ કરતો હતો

## કારમાં અચાનકથી બ્લાસ્ટ થતા અંદર બેસેલા વેપારી ભડથું થયા

### કારમાં અચાનકથી બ્લાસ્ટ થઈ જવાને કારણે અંદર બેઠેલા વેપારીનું કરુણ મોત નિપજ્યું છે

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેના વિશે જાણીને તમે નવાઈ પામી જશો. અહીંયા એક કારમાં એકાએક બ્લાસ્ટ થયો, જેના કારણે કારમાં બેઠેલા એક વેપારીનું પણ મોત થયું છે. જેથી આ બનાવને લઈને હાલ ચર્ચા મચી જવા પામી છે. સાથે જ લોકો વિચારમાં મુકાઈ ગયા છે. જેમાં સૌથી મોટો સવાલ તો એ છે કે કારમાં આગ લાગી કેવી રીતે?

શહેરના સચિન મગદલ્લા રોડ પર આ ઘટના બની છે. જેમાં કારમાં બ્લાસ્ટ થવાને કારણે વેપારીનું કરુણ મોત થયું છે. જેના કારણે હાલ વેપારીના ઘરમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો છે. જે વેપારીનું મોત થયું છે તેનું નામ દિપક પટેલ હોવાનું સામે આવ્યું અને તે આભવા ગામનો રહેવાસી હતો. જેમાં આ વેપારી કારની લે-વેચનું કામ કરતો હતો. જે સમયે કારમાં આગ લાગી હતી તે સમયે આસપાસ ઉભેલા લોકોએ જોયું કે વેપારી અંદર ફસાઈ ગયો છે. જેથી લોકોએ તેને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ આગે એટલું વિકરાળ રૂપ ધારણ કરી લીધું કે લોકો કશું કરે તે પહેલાં તો અંદર બેઠેલા વેપારી દિપક પટેલનું આગમાં ભડથું થઈ ગયું. આ બનાવને લઈને રોડ પર પણ મોટા પ્રમાણમાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે આ બનાવ હાલ શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જેમાં સૌથી મોટો સવાલ તો એ છે કે કારમાં આગ લાગી કેવી રીતે? હજુ સુધી કારમાં આગ લાગવાનું કારણ સામે નથી આવ્યું. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ પર દોડીને પહોંચી હતી. જેમાં પોલીસ દ્વારા વેપારીના મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો છે. સાથે જ આ અકસ્માતને લઈને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિશેષ

### કૃષિ મંત્રી રાઘવજી પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવસારી ખાતે રાજ્યકક્ષાના ત્રિ-દિવસીય કૃષિ મેળાનો શુભારંભ

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે કૃષિ મેળો-૨૦૨૪ અને એગ્રો ટેક્ષટાઈલ પાર્કનું ઉદ્‌ઘાટન

। (માહિતી) ગાંધીનગર ।

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે આજે રાજ્યના કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતેથી રાજ્યકક્ષાના ત્રિ-દિવસીય કૃષિ મેળાનો શુભારંભ કરાવ્યો હતો. આ સાથે જ કેન્દ્રીય મંત્રીશ્રીએ એગ્રો ટેક્ષટાઈલ પાર્કનું પણ ઉદ્‌ઘાટન કરીને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના ખેડૂતોને મોટી ભેટ આપી છે. ખેડૂત તો જગતનો તાત છે અને આ જગતના તાતને યોગ્ય સન્માન મળે તે માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે તેમજ કિસાન રથ, કૃષિ મેળા અને કૃષિ મહોત્સવ જેવી અનેક ઐતિહાસિક પહેલ કરી કૃષિ ક્ષેત્રના નિરંતર વિકાસ માટે સંનિષ્ઠ અને પ્રામાણિક પ્રયત્નો કર્યા છે, તેમ કહીને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે કૃષિ મેળાનો શુભારંભ કર્યો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન કૃષિ અને ખેડૂતોના વિકાસ માટે વાવેલા બીજ આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે. કિસાન સન્માન નિધિથી ખેડૂતોને મોટી રાહત મળી છે, તેમ કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું. દેશના અન્નદાતાઓનો સતત વિકાસ એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી રાજ્ય સરકાર પણ ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપી આ સંકલ્પને સાકાર કરી રહી છે, તેમ કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલે ઉમેર્યું હતું. પ્રાકૃતિક ખેતીનો મહિમા કહી શ્રી સી. આર. પાટીલે ખેડૂતોને રસાયણમુક્ત ખેતી અપનાવવા માટે અનુરોધ કર્યો હતો. આ સાથે જ જળસંગ્રહ અને સંચય થકી પર્યાવરણ અને આગામી પેઢીને જ્વલંત ભવિષ્ય આપવા માટે ખેડૂતોને સરકારનો સહકાર આપી અનેકવિધ યોજનાનો લાભ લેવા તાકીદ કરી હતી. શ્રી સી. આર. પાટીલે પોતાના



ખેડૂત તરીકેના અનુભવો વર્ણવીને કૃષિ મેળા થકી આધુનિક ખેતી પદ્ધતિ, કૃષિ ક્ષેત્રમાં નવીન ટેક્નોલોજી, નવીન પાકોની વિવિધતા તેમજ ખેત સાધન સામગ્રી અંગે માર્ગદર્શન મળી રહે તેવા શુભ આશયો ચરિતાર્થ થતા હોવાનું ગૌરવભેર જણાવ્યું હતું. આ સાથે જ કૃષિ ક્ષેત્રમાં વિકાસ માટે કૃષિ યુનિવર્સિટીઓની ઉમદા કામગીરીને પણ શ્રી પાટીલે બિરદાવી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતના ખેડૂતો મહત્વપૂર્ણ યોગદાન આપશે, તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરીને શ્રી સી. આર. પાટીલે પહેલાના સમયમાં કૃષિ ક્ષેત્રની દારૂણ સ્થિતિની વાત કરી હતી. છેલ્લા થોડા વર્ષોમાં કૃષિ ક્ષેત્રની વિકાસગાથા કહી કેન્દ્રીય મંત્રી શ્રીએ ઉપસ્થિત સૌ ખેડૂતોને અચૂક એગ્રો ટેક્ષટાઈલ પાર્ક અને વિવિધ સ્ટોલની મુલાકાત લેવા આગ્રહ કર્યો હતો. રાજ્યના કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે ખેડૂતોનો આર્થિક ઉત્કર્ષ અને સુખાકારી સરકારના હૈયે વસેલી છે, તેમ કહીને કૃષિ મેળા જેવી ખેડૂત કલ્યાણકારી માટેની ઐતિહાસિક પહેલ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. સોઈલ હેલ્થ કાર્ડ યોજના, કિસાન સૂર્યોદય યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી પાક વીમા યોજના જેવી અનેક ખેડૂત કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કરીને તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને કૃષિ ક્ષેત્રના સર્વાંગીણ વિકાસ માટે અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો. ખેડૂતોનું હિત એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી રાજ્ય સરકારની પ્રાથમિકતા છે, તેમ કહી તેમણે ગુજરાત સરકારે રાજ્યના ખેડૂતોને આપેલું પાક નુકસાનીના વળતરનું વચન પાળી બતાવ્યું હોવાનું ગર્વભેર જણાવ્યું હતું. ગત જુલાઈથી સપ્ટેમ્બર મહિનામાં થયેલા ભારે વરસાદમાં રાજ્યના ૭.૧૫ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૧૩૭૨ કરોડથી વધુની સહાય આપી હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. નવસારી સહિતના દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં પણ ડાંગરના પાકની નુકસાની બદલ સરકાર દ્વારા ટૂંક સમયમાં જ સહાયની જાહેરાત કરવામાં આવશે, તેવો તેમણે ખેડૂતોને વિશ્વાસ અપાવતા ખેડૂતોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. વીજ બીલમાં રાહત, દિવસે વીજળી, સરળતાથી અને સત્વરે મળતું વીજ કનેક્શન, પાક નુકસાની બદલ સત્વરે સહાય જેવા અનેક ખેડૂતલક્ષી નિર્ણયોનો ઉલ્લેખ કરીને તેમણે કૃષિ સમૃદ્ધિ થકી રાજ્ય અને રાષ્ટ્ર સમૃદ્ધિની વાત કરી હતી. મંત્રીશ્રીએ ખેડૂતોને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલા પ્રાકૃતિક કૃષિના મહાયજ્ઞમાં સહભાગી થઈને જાહેર આરોગ્ય તેમજ પર્યાવરણનું રક્ષણ કરવા અનુરોધ કર્યો હતો. જળના સંગ્રહ-સંચય થકી તેમણે ખેડૂતોને આર્થિક સમૃદ્ધિના માર્ગે ચાલવા જણાવ્યું હતું. કૃષિ ક્ષેત્રને સમૃદ્ધ કરવાના સરકારના નિરંતર પ્રયાસોમાં સહભાગી થવા માટે આહ્વાન કરીને મંત્રીશ્રીએ ખેડૂતોને કૃષિ મેળાનો મહત્તમ લાભ લેવા આગ્રહ કર્યો હતો. કાર્યક્રમ પૂર્વે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યુનિ.ના કેમ્પસમાં બનાવેલા રેઈન વોટર હાર્વેસ્ટિંગ યુનિટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે બંને મંત્રીશ્રીઓએ એગ્રો ટેક્ષટાઈલ સંબંધિત પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. ઝેડ. પી. પટેલે પ્રસંગોચિત સ્વાગત પ્રવચન કરીને મહાનુભાવો સહિત સૌને આવકાર્યા હતા. કૃષિ મેળાના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશ દેસાઈ, સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજય પટેલ, ધારાસભ્ય શ્રી નરેશ પટેલ, શ્રી રાકેશ દેસાઈ, સસ્મીરાના પ્રમુખ શ્રી મિહિર મહેતા, ભારત સરકારના ટેક્ષટાઈલ મંત્રાલયના સંયુક્ત સચિવશ્રી રાજીવ સક્સેના, નવસારી કૃષિ યુનિવર્સિટીના સત્તાધીશો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ, દક્ષિણ ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિના તાંત્રિક અધિકારીઓ, કૃષિ ક્ષેત્ર તેમજ આત્માના અધિકારીઓ, કૃષિ સંલગ્ન વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, વિતરકો તેમજ પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહત્વનું છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના પટાંગણમાં ત્રણ દિવસ સુધી ચાલનારા આ કૃષિ મેળામાં રાજ્યના ૨૫ હજારથી વધુ ખેડૂતોને કૃષિ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને નવા સંશોધનો વિશે માહિતગાર કરાશે. ખેડૂતોને વિવિધ વિષયો અને ટેકનોલૉજી અંગે વિગતવાર માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત ડ્રોન ટેક્નોલોજીની મદદથી ખાતર છંટકાવનું નિદર્શન પણ આ મેળામાં કરવામાં આવશે. આ ઉપરાંત ૧૨૦થી વધુ પ્રદર્શન સ્ટોલ થકી પાકોના ઉત્પાદનની વૈજ્ઞાનિક પદ્ધતિ અંગે તેમજ વિવિધ કલ્યાણકારી ખેડૂતલક્ષી યોજનાઓ અંગે માહિતગાર પણ કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## કેન્સર અને ડાયાબિટીસથી રાહત આપે છે આંગણામાં જોવા મળતો આ સદાબહાર છોડ



બારમાસીનો છોડ દરેક જગ્યાએ સરળતાથી ઊગી નીકળે છે. બારેમાસ તેના પર ફૂલ આવતા હોવાથી લોકો તેને ઘરની શોભા વધારવા માટે રોપે છે. પરંતુ આ છોડ ઘણી ગંભીર બીમારીઓની સારવાર માટે પણ ખૂબ ઉપયોગી છે. તેના ઔષધીય ગુણો જાણીને કદાચ તમને પણ આશ્ચર્ય થશે. બારમાસીના નામથી જાણીતી આ ઔષધીય વનસ્પતિ પોતે સુંદર હોવાની સાથોસાથ માનવ જીવનને તંદુરસ્ત બનાવે છે. બારમાસીનો છોડ તમામ ગંભીર રોગોને તેમના મૂળમાંથી દૂર કરવામાં સફળ સાબિત થાય છે. શાંતિ આયુર્વેદિક મેડિકલ કોલેજના મેનેજર પ્રો. ડૉ. આર.વી.એન. પાંડેના જણાવ્યાનુસાર, બારમાસી એક અદ્ભુત દવા છે. ઘણી ગંભીર બીમારીઓમાં તેનો અલગ અલગ રીતે ઉપયોગ થાય છે. પરંતુ, ડૉક્ટરની સલાહ લીધા વિના તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાતો નથી. આ એટલી મહત્વપૂર્ણ દવા છે કે તે ડાયાબિટીસથી લઈને કેન્સર સુધીના ગંભીર રોગોમાં ખૂબ જ અસરકારક સાબિત થાય છે. ડૉ. પાંડે જણાવે છે કે, આ તમામ હર્બલ દવાઓ આયુર્વેદ પદ્ધતિમાં વિશેષ મહત્વ ધરાવે છે. બારમાસી ખૂબ જ અસરકારક, ફાયદાકારક અને મહત્વપૂર્ણ દવા છે. તેના પાંદડા અને ફૂલો બંનેનો ઉપયોગ થાય છે. આયુર્વેદ અનુસાર આ છોડ શરીરની ઘણી ગંભીર સમસ્યાઓની સારવારમાં ઉપયોગી છે. બારમાસીના પાંદડા ડાયાબિટીસ જેવી ગંભીર સમસ્યાઓ માટે ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત તે ગળાના ચેપ, બ્લડ પ્રેશર, કેન્સર અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં પણ ખૂબ અસરકારક છે. દરરોજ તેના ૧૦ પાન ચાવવાથી ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. તેના ફૂલ અને પાંદડા બંને ઉપયોગી છે. તેનો રસ કાઢીને પણ ઉપયોગમાં લેવાય છે. તેના પાન ચાવવાથી પણ ઘણી રાહત મળે છે. આ એક અદ્ભુત છોડ છે જે સ્વસ્થ માનવ જીવનમાં ખુશીઓ લાવે છે. બારમાસીની ઔષધીની કેટલીક આડઅસરો પણ છે. જેથી તેનું વધુ પડતું સેવન કરવું પણ નુકસાનકારક બને છે. યોગ્ય માત્રા વિશે જાણકારી ન હોવાને કારણે આ ઔષધિઓ ફાયદાને બદલે નુકસાન કરે છે.

# શિયાળામાં વાયરલ ઈન્ફેક્શનથી બચવા આ વસ્તુઓનું કરો પાલન, મળશે રાહત

**શિયાળાની સિઝનમાં શરદી, ખાંસી અને વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો નોંધાયો છે. હાલ ઘર ઘરમાં કોલ્ડ અને કફના દર્દીઓ છે લોકોને ખાંસી મટવાનું નામ નથી લઈ રહી શિયાળાની ઋતુમાં અનહાઈજીન ખોરાક ખાવાથી બિમાર પડી શકાય છે વાયરલ ઈન્ફેક્શનથી પેટમાં દુખાવો, ઝાડા થવા, ઉલટી થવી, ભૂખ ન લાગવી, અપચો થવો વગેરે લક્ષણો જોવા મળી શકે છે**

શિયાળાની આકરી ઠંડી શરૂ થતાની સાથે નાના બાળકોથી લઈને મોટાઓમાં વાયરલ ઈન્ફેક્શનની સમસ્યા ખૂબ જોવા મળતી હોય છે. જેના લીધે દર્દીઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.આ વાયરલ ઈન્ફેક્શન કેવી રીતે ફેલાય છે અને તેનાથી બચવા શું કરવું જોઈએ? તે વિસ્તારમાં જાણીએ.

સામાન્ય રીતે વાયરલ ઈન્ફેક્શન શરીરમાં રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય અથવા જમવામાં કોઈ અનહાજીન વાળુ ભોજન કે પછી શ્વાસોચ્છવાસના કારણે જ મનુષ્યના શરીરમાં પ્રવેશે છે.વાઈરલ ઈન્ફેક્શન અલગ અલગ પ્રકારના સૂક્ષ્મ જીવો જેવા કે બેક્ટેરિયા, વાયરસ, ફૂગ, પ્રોટોઝુઆ વગેરે જીવાણુઓ દ્વારા ફેલાય છે. જેના લીધે શરદી, ખાંસી, તાવ, કમળો, ઝાડા-ઉલટી, પેટ સંબંધિત, સ્કિન અને હેર સંબંધિત અનેક સમસ્યા જોવા મળે છે. આ સિવાય મગજનો તાવ, મેલેરિયા, ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લૂ, H1N1 ઈન્ફ્લુએન્ઝા, ઝેરી કમળો, એચઆઈવી



વગેરે જેવી જોખમી બીમારી પણ થઈ શકે છે.

વાયરલ ઈન્ફેક્શનના કારણે તાવ આવવો, શરીર તૂટવું, અશક્તિ લાગવી, આંખોમાં બળતરા થવી, ગળામાં બળતરા થવી, વારંવાર છીંક આવવી, માથું ભારે થઈ જવું, નાક બંધ થઈ જવું, નાકમાં બળતરા થવી, આંખો લાલ થવી, આંખોમાંથી પાણી નીકળવું, ઉધરસ થવી, ખંજવાળ આવવી, સ્કિન પર લાલ ચકામા થઈ જવા, ફોલ્લી થવી, ખીલ થવા, વાળ ખરવા, શ્વાસ લેવામાં તકલીફ પડવી, ફેફસામાં ચેપ લાગવો, શરદી થવી, છાતીમાં દુખાવો થવો, એલર્જી થવી, બેચેની અનુભવવી વગેરે આના લક્ષણો છે. આ સિવાય પાચનતંત્રને અસર કરતા વાયરલ ઈન્ફેક્શનથી પેટમાં દુખાવો, ઝાડા થવા, ઉલટી થવી, ભૂખ ન લાગવી, અપચો થવો વગેરે લક્ષણો જોવા મળી શકે છે. તથા કેટલીકવાર ઈન્ફેક્શનથી શરીરની નર્વસ સિસ્ટમ અને મગજ પર પણ અસર કરે છે. જેના લીધે ભાન ભૂલી જવું, ખેંચ આવવી, યાદશક્તિ ઓછી થઈ જવી, કોમામાં ચાલ્યા જવું વગેરે જેવા ગંભીર લક્ષણો પણ જોવા મળે છે. સૌપ્રથમ ડોક્ટર દ્વારા ક્લિનિકલ એક્ઝામિનેશન કરવામાં આવે છે. ત્યારબાદ ડોક્ટર જરૂર મુજબ કેટલાક લેબોરેટરીના ટેસ્ટ પણ કરે છે. લેબોરેટરીમાં બ્લડ, ગળફો, ઝાડા-પેશાબ, સીએસએફ (કમરમાંથી ખેંચવામાં આવતું પાણી) દ્વારા વાયરસના એન્ટિજન, એન્ટિબોડી તથા જીનેટિક ટેસ્ટ કરવામાં આવે છે. આ સિવાય ક્યારેક એક્સરે, સોનોગ્રાફી, સીટી સ્કેન, એમઆરઆઈ જેવી તપાસ પણ કરવામાં આવે છે.

## રસોડામાં રહેલો મસાલો સ્વાસ્થ્ય માટે છે અતિ ઉત્તમ





ગુજરાતમાં શિયાળો શરૂ થઈ ગયો છે. સાથોસાથ માવઠા બાદ ઠંડીની અસર દેખાવા લાગી છે. સમગ્ર રાજ્યમાં સવાર-સાંજ તેમજ દિવસ દરમિયાન ભારે ઠંડી પડી રહી છે. આવી સ્થિતિમાં, ઠંડીથી બચવા માટે, જીવનશૈલીમાં કેટલાક બદલાવની સાથોસાથ ખાનપાન પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

શિયાળાની ઋતુમાં એવી લાઈફસ્ટાઈલ અપનાવવી જોઈએ, જેનાથી ઠંડીથી રક્ષણ મળે તથા શરીર ફિટ રહે. આ ઋતુમાં શરીરને ઠંડીથી બચાવવા ગરમ કપડાં તો પહેરવા જ જોઈએ. સાથોસાથ ગરમ તાસિર ધરાવતો ખોરાક પણ ખાવો જોઈએ. આજે અમે તમને એક એવા મસાલા વિશે જણાવીશું, જે ઠંડીથી બચાવવામાં અસરકારક છે, જે દરેકના ઘરમાં ઉપલબ્ધ છે. આ મસાલો લવિંગ છે. આયુર્વેદમાં પણ લવિંગના ઘણા ફાયદા જણાવવામાં આવ્યા છે. આયુર્વેદમાં જણાવ્યાનુસાર, લવિંગનું સેવન શરીરમાં ગરમી જાળવી રાખવામાં મદદ કરે છે. આ આપણને શરદી સામે લડવામાં મદદ કરે છે. આ સાથે લવિંગનું સેવન કરવાથી અન્ય રોગો સામે લડવામાં પણ મદદ મળે છે. વૈદ્ય એલએમ મિશ્રા જણાવે છે કે, ઉનાળામાં લવિંગનું સેવન કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. લવિંગમાં એન્ટીઑક્સિડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મો હોય છે. આ સિવાય લવિંગમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન બી કોમ્પ્લેક્સ અને કેલ્શિયમ પણ જોવા મળે છે. લવિંગ ગરમ તાસિર ધરાવે છે. તેથી શરદી અને ઉધરસની સ્થિતિમાં લવિંગ ખાવી જોઈએ. આ ઉપરાંત ચા અથવા ઉકાળામાં નાખીને તેનું સેવન કરવું જોઈએ. આ રીતે પ્રયોગ કરવાથી શરદી અને ખાંસીમાં રાહત મળે છે. જે વ્યક્તિ શિયાળાની ઋતુમાં દરરોજ ચાર લવિંગના ફૂલનું સેવન કરે તો તેને ઠંડી લાગતી નથી.

# ડાયાબિટીસના દર્દીઓ ભૂલથી પણ ન રાખતા આવી ટેવ, અચાનક વધી જશે શુગર

દેશમાં દિવસેને દિવસે ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ડાયાબિટીસ વધવા પાછળ વર્તમાન સમયની જીવનશૈલી અને આનુવંશિક જેવા અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે. ડાયાબિટીસ શરીરની અંદર રહેલા લોહીમાં ગ્લુકોઝની પ્રોસેસ કરવાની ક્ષમતાને નબળી પ ાડે છે. જેને આપણે બ્લડ શુગર કહીએ છીએ. ત્યારે આ ડાયાબિટીસ કેવી રીતે થાય છે, તેને નિયંત્રિત કરવા શું ધ્યાન રાખવું જોઈએ? તે વિશે વિગતવાર માહિતી ડો. અર્ચિતભાઈ પરીખે જણાવ્યું હતું. ડો.અર્ચિતભાઈ પ રીખે જણાવ્યું હતું કે, આજકાલ નાની ઉંમરની વ્યક્તિ ડાયાબિટીસનો ભોગ



બની રહી છે. મોટાભાગે ગળ્યો ખોરાક લેવાથી ડાયાબિટીસને લગતી બીમારીઓ થાય છે.ડોક્ટરના જણાવ્યા પ્રમાણે જેમાં ભોજન પહેલા પ્રમાણસર મીઠાઈ લેવામાં આવે તો શરીરમાં ખોરાક પચાવવાનો હોર્મોન્સ સક્રિય થાય છે. પરંતુ જમ્યા બાદ મીઠાઈ લેવામાં આવે તો તેની સીધી અસર પાચનક્રિયા પર પડે છે.જેના લીધે પેટ ફૂલવું, ગેસ, ડાયાબિટીસ, હ્રદયરોગ જેવી સમસ્યા ઊભી થાય છે. ડાયાબિટીસ થવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પરંતુ ટાઈપ ૧ ડાયાબિટીસમાં વ્યક્તિના સ્વાદુપિંડના ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતા કોષો નષ્ટ કરે છે. જેના લીધે શુગર કોષોમાં જવાને બદલે લોહીમાં જમા થવા લાગે છે. જ્યારે ટાઈપ ૨ ડાયાબિટીસ આનુવંશિક અને પર્યાવરણીય પરિબળોને કારણે થઈ શકે છે. આ ઉપરાંત ગેસ્ટેશનલ ડાયાબિટીસમાં સગર્ભાવસ્થાને સુરક્ષિત અને સ્વસ્થ રાખવા પ્લેસેન્ટા ચોક્કસ હોર્મોન્સ બનાવે છે.


# શિયાળાનાં શરદી તથા ઉધરસને હળવાશથી ન લો

કોરોના વાયરસના નવા સબ-વેરિયન્ટ **JN.1**એ ફરી એકવાર બધાને ચોંકાવી દીધા છે. દેશના તમામ રાજ્યોને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે અને કોરોનાના કેસોને ગંભીરતાથી લેવા માટે પણ કહેવામાં આવ્યું છે. કોરોનાનો આ નવો સબ-વેરિયન્ટ વિશ્વના ઘણા દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે. ભારતમાં પણ એસ સબ વેરિઅન્ટનો એક કેસ કેરળમાંથી આવ્યો છે. આવી સ્થિતિમાં ગંભીરતા દાખવતા સરકારો પણ અલગ-અલગ રાજ્યોમાં એડવાઈઝરી જારી કરી રહી છે.

જો કે, **WHO**એ આ નવા સબ-વેરિઅન્ટને ખૂબ જોખમી ગણાવ્યો નથી. આ સંદર્ભમાં કર્ણાટકમાં સિદ્ધારમૈયાની સરકારે પણ લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. કર્ણાટકના આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન દિનેશ ગુંડુ રાવે વરિષ્ઠ નાગરિકો અને સહ-રોગથી પીડિત લોકોને માસ્ક પહેરવાની સલાહ આપી હતી. તેમની ટિપ્પણી કેરળ અને અન્ય રાજ્યોમાં કોવિડ -૧૯ કેસોમાં વધારા પછી આવી છે. કર્ણાટકના કોડાગુમાં પત્રકારો સાથે વાત કરતા આરોગ્ય મંત્રીએ કહ્યું કે ગભરાવાની જરૂર નથી. તેમણે કહ્યું હતું કે, 'અમે કોરોના વાયરસને લઈને એક મીટિંગ કરી છે, જ્યાં અમે ચર્ચા કરી હતી કે શું પગલાં લેવા જોઈએ? અમે ટૂંક સમયમાં એડવાઈઝરી



જારી કરીશું. જે લોકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે અને તેમને હ્રદય સંબંધિત રોગો સહિત અન્ય ગંભીર બીમારીઓ છે, તેઓએ માસ્ક પહેરવું જોઈએ. તે જ સમયે કેરળમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, કેરળમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૫ નવા કોવિડ -૧૯ કેસ નોંધાયા છે, જે રાજ્યમાં વાયરસના કુલ સક્રિય કેસોને ૧,૭૪૯ પર લઈ ગયા છે. **JN.1**, કોરોનાનું નવું પેટા-વેરિયન્ટ, અગાઉ તેના પિતૃ વંશના મ્છ.૨.૮૬ ના ભાગ રૂપે એક પ્રકાર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો હતો.



## લોકોએ ભીડવાળા, બંધ અથવા ખરાબ હવાવાળા વિસ્તારોમાં માસ્ક પહેરવા જોઈએ

શિયાળાની ઋતુ શરૂ થતાં તેના પ્રસારનું જોખમ ઝડપથી વધી ગયું છે. આ કારણે, તેને અલગથી વર્ગીકૃત કરવામાં આવ્યો છે. **WHO**એ કહ્યું કે વર્તમાન રસી આમાં અસરકારક છે અને દર્દીઓને તેના જોખમોથી બચાવે છે. **WHO** કેસ પર સતત નજર રાખી રહ્યું છે અને એડવાઈઝરી પણ જારી કરી છે. તે કહે છે કે લોકોએ ભીડવાળા, બંધ અથવા ખરાબ હવાવાળા વિસ્તારોમાં માસ્ક પહેરવા જોઈએ. ઉપરાંત, શક્ય હોય ત્યાં સુધી અન્ય લોકોથી સુરક્ષિત અંતર જાળવો. **WHO**એ એમ પણ કહ્યું કે આનાથી લોકોને વધારે ખતરો નથી. મંત્રાલયની વેબસાઈટ અનુસાર, મંગળવારે સવારે ૮ વાગ્યા સુધી દેશભરમાંથી નોંધાયેલા ૧૪૨ કેસમાંથી ૧૧૫ કેસ કેરળના હતા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વાયરસને કારણે કોઈ મૃત્યુ નોંધાયું નથી. સંક્રમણ મળ્યા બાદ છેલ્લા ૨૪ કલાકમાં સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ૧૧૨ હતી. તમને જણાવી દઈએ કે નિષ્ણાતોનું કહેવું છે કે કોરોના વાયરસના નવા સબ-વેરિઅન્ટના લક્ષણો ઈન્ફ્લ્યુએન્ઝા જેવા છે. આવી સ્થિતિમાં શરદી અને ઉધરસને સામાન્ય સમસ્યા ગણવી ખતરનાક સાબિત થઈ શકે છે.

**થાઈરોઈડને કારણે થતી તમામ પ્રકારની સમસ્યાઓથી બચવા માંગતા હોવ તો તમારે તમારા આહાર પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે**

## થાઇરોઇડ અનેક ગંભીર બીમારીનું કારણ બની શકે

સાયલન્ટ કિલર્સની યાદીમાં હાઈપરટેન્શન, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ, ફેટી લિવર, કેન્સર સહિત અન્ય એક રોગ છે જે આપણા સ્વાસ્થ્યને ઘણી રીતે અસર કરી શકે છે અને તે છે થાઈરોઈડ. આ રોગથી પીડિત લોકોને લાંબા સમય સુધી તેની ખબર હોતી નથી અને જ્યારે તેમને યોગ્ય સમયે યોગ્ય સારવાર ન મળે તો સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. થાઈરોઈડ એક ખૂબ જ નાની ગ્રંથી છે, પરંતુ આપણા શરીરના ઘણા મહત્વપૂર્ણ કાર્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. થાઈરોઈડ બે પ્રકારના હોય છે. જ્યારે થાઈરોઈડ હોર્મોનનું ઉત્પાદન વધારે હોય ત્યારે તેને હાઈપરથાઈરોઈડિઝમ કહેવામાં આવે છે અને જ્યારે હોર્મોનનું ઉત્પાદન ઓછું હોય ત્યારે તેને હાઈપોથાઈરોઈડિઝમ કહેવામાં આવે છે. જો તમે શરીરમાં થાઈરોઈડને કારણે થતી તમામ પ્રકારની સમસ્યાઓથી બચવા માંગતા હોવ તો તમારે તમારા આહાર પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. માત્ર દવાઓ મદદ કરશે નહીં. કસરત, સ્ટ્રેસ લેવલ અને ઊંઘની પેટર્ન પર ધ્યાન આપવું જોઈએ. થાઈરોઈડમાં તમે તમામ પ્રકારના શાકભાજી ખાઈ શકો છો.

ફક્ત ખાતરી કરો કે શાકભાજીને સારી રીતે રાંધીને ખાવ. એક સાથે વધારે ન ખાવું. થોડું થોડું ખાવાની આદત સ્વાસ્થ્ય માટે દરેક રીતે સારી છે. શક્ય હોય ત્યાં સુધી રાજમા અને કઠોળનો સમાવેશ કરો કારણ કે તેમાં સેલેનિયમ હોય છે. જે થાઈરોઈડ હોર્મોનના ઉત્પાદનમાં મહત્વપૂર્ણ છે. કોપર અને આયર્નથી ભરપૂર આહાર લેવાથી થાઈરોઈડમાં પણ ખૂબ જ ફાયદો થાય છે. કેલ્શિયમથી ભરપૂર વસ્તુઓ પણ તમારા આહારમાં સામેલ કરવી જોઈએ.

# યુવાનોને ભૂલવાની સમસ્યા સૌથી વધારે જોવા મળી રહી છે

બદલાતા સમયમાં યુવાનોને ભૂલવાની સમસ્યા સૌથી વધારે જોવા મળી રહી છે. ઘણી વાર તે પોતાની જરુરી વસ્તુઓ પણ આમતેમ રાખીને ભૂલી જતાં હોય છે. જે બાદ કલાકો સુધી શોધતા રહેતા હોય છે. ત્યારે આવા સમયે ઘણી વાર એક્સપર્ટ પાસેથી સલાહ લઈને વિવિધ પ્રકારની દવાઓનું સેવન કરવા લાગે છે. પણ આજે અમે આપને એક એવી જડીબુટી વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેના દ્વારા આપની ભૂલવાની બીમારી દૂર થઈ જશે. સાથે જ આપનું જે હ્રદય છે, તેને પણ સ્વસ્થ રાખવામાં મહત્વની ભૂમિકા નિભાવશે. હકીકતમાં જોઈએ તો, આયુર્વેદિક પદ્ધતિમાં બ્રાહ્મી જડીબુટીનો ઉલ્લેખ છે. જે ભૂલવાની બીમારીને ઠીક કરવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે. આરપીજી ગર્લ્સ ડિગ્રી કોલેજમાં સંચાલિત બોટની ડિપાર્ટમેન્ટના રિટાયર્ડ વિભાગાધ્યક્ષ ડો. મીનૂ ગુપ્તાએ જણાવ્યું કે, બ્રાહ્મી જડીબુટીનું આયુર્વેદમાં ખાસ મહત્વ છે. હોમ્યોપેથિકની દવામાં પણ તેનો ઉપયોગ થાય છે. તે જણાવે છે કે, જેવી રીતે જોવા મળે છે કે, આજકાલ યુવાનોની યાદશક્તિ નબળી થતી જાય છે. ઘણી વાર વૃદ્ધો પણ પોતાના ઘરનો રસ્તો ભૂલી જતાં હોય છે. ત્યારે આવા સમયે જો આ જડીબુટીનો ઉપયોગ કરવામાં આવે તો, તેનાથી ઘણો ફાયદો મળે છે. તેમણે જણાવ્યું છે કે, જે રીતે આપણે ધાણાનો ઉપયોગ કરીએ છીએ, તેવી જ રીતે બ્રાહ્મી જડીબુટીના પત્તા તોડીને મિક્સરમાં પીસીને તેનો ઉકાળો બનાવીને તેનો ઉપયોગ કરી શકશો. ડો. મીનૂ ગુપ્તા જણાવે છે કે, જો કોઈ હ્રદયથી સંબંધિત બીમારીથી પીડિત છે, તો સવાર સાંજ બ્રાહ્મી બુટી તથા તુલસાજીના પત્તાને પીસીને તેમાં મધ નાખીને ખાલી પેટ એક ચમચી ઉપયોગ કરવા લાગો.

# રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં ગુજરાત દેશમાં સૌથી આગળ

રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં ગુજરાત આખા દેશમાં સૌથી આગળ છે અને તેના કારણે ગુજરાતીઓએ લાઈટબિલમાં પણ મોટી બચત કરી છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ગુજરાતમાં સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવનારા ૪૩ ટકા ઘરોમાં લાઈટબિલમાં મહિને ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. ગુજરાતમાં માત્ર શહેરો જ નહીં પરંતુ નાના ગામડાં પણ રુફટોપ સોલાર પેનલ લગાડવામાં બહુ આગળ નીકળી ગયા છે. વડોદરાની એમ એસ યુનિવર્સિટી અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)ના તાજેતરના સ્ટડીમાં આ હકીકત બહાર આવી છે. આ અભ્યાસમાં રૂફટોપ સોલાર પેનલની સ્કીમ કેટલી સફળ રહી છે અને તેનાથી લોકોને કેટલો ફાયદો થયો તેનો



અંદાજ કાઢવામાં આવ્યો છે. શનિવારે અમદાવાદ ખાતે નેશનલ કોક્લેવ ઓન સોલાર રૂફટોપમાં આ ડેટા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

ગુજરાતમાં હાલમાં મકાનો પર રૂફટોપ સોલારનું ચલણ એટલું બધું વધ્યું છે કે તેનાથી વીજ ઉત્પાદનમાં પણ સતત વધારો થયો છે. અત્યારે ગુજરાતમાં સોલાર પેનલની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૩૧૭૪ મેગાવોટ છે અને આખા દેશની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૧૦,૪૦૬ મેગાવોટમાં ગુજરાત ૩૧ ટકા હિસ્સો ધરાવે છે તેવું લોકસભામાં સરકારે જણાવ્યું હતું. રિન્યુએબલ એનર્જી મંત્રી આર કે સિંઘે જણાવ્યું કે સોલર રૂફટોપ સ્કીમના બીજા તબક્કામાં ગુજરાત સૌથી મોટો લાભાર્થી રાજ્ય છે. આ સ્કીમમાં સોલાર પેનલ લગાવવા માટે સરકાર દ્વારા ૭૪ ટકા સુધી સબસિડી સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯ અને નવેમ્બર ૨૦૨૩ વચ્ચે ગુજરાતની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૧૯૫૬ મેગાવોટ હતી જે કુલ કેપેસિટીમાં ૬૧ ટકા હિસ્સો ધરાવે છે. અન્ય એક જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાત સોલાર પાવર જનરેશનમાં બીજા ક્રમે હતું અને ૧૦,૪૧૭ મેગાવોટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું હતું. એટલે કે કુલ ઉત્પાદન ક્ષમતામાં ગુજરાતનો હિસ્સો ૩૦ ટકા કરતા વધુ છે. અમદાવાદના એક એનર્જી એક્સપર્ટે જણાવ્યું કે અલગ અલગ જગ્યાએથી સોલાર પેનલ પાવર જનરેશનનો ડેટા આવતો હોય છે. ઘણી નવી રેસિડેન્શિયલ સ્કીમમાં હાઈ કેપેસિટી સોલાર વોટર હીટર અને ઈલેક્ટ્રિસિટી જનરેશન પ્લાન્ટ હોય છે અને તેમાં વધારાનો પાવર ગ્રીડમાં આવે છે. હવે ઘણી રેસિડેન્શિયલ સોસાયટીઓ પણ રૂફટોપ સોલાર પેનલ લગાવીને વીજ ઉત્પાદન કરી રહી છે.

ગુજરાતમાં જે લોકો સોલાર રૂફટોપ લગાવે છે તેમાંથી ૯૫ ટકા પરિવારોની વાર્ષિક આવક ૧૦ લાખ રૂપિયા કરતા ઓછી હતી અને તેમણે નાણાકીય બચત કરવા માટે સોલાર પેનલ લગાવવી હતી.

## તંત્રી લેખ...

# ૧ જાન્યુઆરીથી વિઝા પ્રક્રિયા સરળ બનશે


ભારત ખાતેના અમેરિકન દૂતાવાસે H-1B વિઝા સહિતના નોન ઈમિગ્રન્ટ વિઝાની પ્રક્રિયાને સરળ બનાવવા અને વેઈટિંગ પીરિયડમાં ઘડાડો કરવા માટે નવા નિયમોનો જારી કર્યા છે. આ નિયમોનો અમલ પહેલી જાન્યુઆરી ૨૦૨૫થી થશે. તેનાથી ભારતીય વિઝા અરજદારોને વિઝા એપોઈન્ટમેન્ટની તારીખ લેવામાં અને તારીખ બદલવામાં સરળ રહેશે.અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)એ યુએસ H-1B વિઝા પ્રક્રિયાને આધુનિક બનાવવા માટે નવા નિયમો જારી કર્યા પછી યુએસ એમ્બેસીના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ જાહેરાત કરાઈ હતી. DHSએ જારી કરેલા નવા નિયમોથી મહત્ત્વના ક્ષેત્રોમાં અરજદારો ઝડપથી ખાલી જગ્યાઓ ભરી શકશે.નવા વિઝા એપોઈન્ટમેન્ટ નિયમો હેઠળ અરજદારો વધારાની ફી ચૂકવ્યા વિના તેમની એપોઈન્ટમેન્ટ એકવાર ફરીથી શિડ્યૂલ કરી શકશે. પરંતુ જો અરજદારો તેમની પુનઃનિર્ધારિત એપોઈન્ટમેન્ટ ચૂકી જાય અથવા વધુ એક વખત નવી તારીખ લેવા માગતા હશે તો તેઓએ નવી એપોઈન્ટમેન્ટ બુક કરવી પડશે અને ફરીથી ફી ચૂકવવી પડશે.દૂતાવાસે જણાવ્યું હતું કે આ ફેરફારોથી દરેક માટે એપોઈન્ટમેન્ટ મેળવવાનું સરળ અને ઝડપી બનશે. જોકે આની સાથે એમ્બેસીએ તમામ અરજદારોને તેમની એપોઈન્ટમેન્ટ વખતે હાજરી આપવા અનુરોધ કર્યો હતો, જેથી સમગ્ર પ્રક્રિયા સરળ અને કાર્યક્ષમ બની રહે. બાઈડન સરકારે પણ H-1B વિઝા નિયમોમાં ફેરફાર કર્યો છે. તેનો હેતુ વિઝા પ્રક્રિયાને ઝડપી બનાવવાનો અને દુરુપયોગને ડામવાનો છે. આ નિયમો ૧૭ જાન્યુઆરી ૨૦૨૫થી અમલી બનશે. H-1B વિઝા માટેના અરજદારોએ હવે દર્શાવવું પડશે કે તેમની ડિગ્રી તેમની નોકરી સાથે સીધી રીતે સંબંધિત છે. તેનાથી આ વિઝા પ્રોગ્રામના દુરુપયોગ પર અંકુશ આવશે. નવા નિયમોને પૂર્વ મંજૂરીને આધારે એક્સ્ટેન્શન રિકવેસ્ટ પ્રોસેસ કરવાની ઈમિગ્રેશન અધિકારીઓને સત્તા અપાઈ છે. ઈમિગ્રેશન અધિકારીઓને નોકરીના સ્થળે નિયમ પાલન અંગેનું પણ ચેકિંગ કરી શકશે.

## રાષ્ટ્રીય ગણિત દિવસ

## ૨૨મી ડીસેમ્બરઃ શ્રીનિવાસ રામાનુજનની જન્મ જયંતી

### ગણિત અને ગુણાતીત, વિજ્ઞાન અને ભગવાન બંનેમાં શ્રદ્ધાભાવ જગાડનારા વિદ્વાન શ્રીનિવાસ રામાનુજન




"મારા માટે ગણિતનું કોઈ પણ સૂત્ર ત્યાં સુધી અર્થવિહીન છે જ્યાં સુધી એ પરમેશ્વરનો ખ્યાલ રજુ નથી કરતું" આવું જણાવનારા મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની આજે, ૨૨મી ડીસેમ્બરે જન્મ જયંતી છે. આજના દિવસને રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

શ્રીનિવાસ રામાનુજનના જીવન કાર્યો અને ગાણિતિક સંશોધનોને સમજવાનો દાખડો કરીએ તો ગણિત અને ગુણાતીત, વિજ્ઞાન અને ભગવાન બંને પર એક સાથે શ્રદ્ધાભાવ જાગે.

મેથેમેટિકલ એનાલિસિસ, કન્ટિન્યુડ ફ્રેક્શન, પ્રાઈમ નંબર્સ, ઈનફાઈનાઈટ સીરીઝ, નંબર થિયરી જેવા ગણિતના પેટાવિષયોમાં અનેક જટિલ સુત્રો અને પ્રમેય આપનાર રામાનુજને તેમની મરણ પથારીએથી લખેલો એક પ્રમેય લગભગ ૧૦૦ વર્ષ બાદ સમજી શકાયો હતો.

આધુનિક અવકાશ-વિજ્ઞાનની નવતર શોધ 'બ્લેક હોલ' કે જે અતિ તીવ્ર ગુરુત્વાકર્ષણબળથી પ્રકાશ અને પદાર્થને પોતાનામાં ખેંચી બંનેના માટે મોતના કૂવા સમાન સાબિત થાય છે, તેની થિયરી સમજવા માટે રામાનુજનના ફોર્મ્યુલા (સુત્રો) વિજ્ઞાનીઓને કામે લાગ્યા છે. આ ફોર્મ્યુલા રામાનુજને સો વર્ષ પહેલા લખ્યા હતા જ્યારે બ્લેક હોલનો ખયાલ ઉદ્ભવ્યો પણ ન હતો.

ટ્રિનિટી કૉલેજ કેમ્બ્રિજ અને રોયલ સોસાયટી લંડનના યુવા ઉમરે ફેલો બનનારા રામાનુજન એકવાર બીમાર પડ્યા. ઈંગ્લેન્ડમાં તેઓના સાથી પ્રોફેસર જી.એચ હાર્ડિ તેઓની ખબર પૂછવા આવ્યા. પ્રોફેસર હાર્ડીએ રામાનુજનને કહ્યું કે હું જેમાં આવ્યો એ ટેક્સીનો નંબર ૧૭૨૯ હતો અને આ નંબર મને ન ગમ્યો.

ત્યારે રામાનુજને કહ્યું કે, દોસ્ત ! આ બહુ જ રસપ્રદ નંબર છે કારણ કે, એ સૌથી નાનો અંક છે જેને જુદી-જુદી બે સંખ્યાના ઘનના સરવાળા તરીકે બે જુદી-જુદી રીતથી રજુ કરી શકાય છે. આથી સંખ્યા ૧૭૨૯ 'રામાનુજન - હાર્ડી નંબર' અથવા 'ટેક્સી-કેબ'નંબર તરીકે ઓળખાય છે. (1729 = 1^3 12 ^ 3, 1729 = 9^3 10^ 3)

દક્ષિણ ભારતના અયંગર બ્રાહ્મણ પરીવારનું સંતાન એવા રામાનુજન નામાગીરી દેવીની નિત્ય પૂજા-આરાધના કરતા.


એક અંગ્રેજ મિત્રએ રામાનુજનને પૂછેલું કે, ગણિતના આવા જટિલ સૂત્રો તમને કેવી રીતે સુજે છે.

ત્યારે રામાનુજને કહ્યું કે, 'આ બધુ મને નામાગીરી દેવી સુજાડે છે'.

શ્રીનિવાસ રામાનુજનના જીવન પર જોવા લાયક ફિલ્મ બનેલી છે 'The man who knew infinity' વ્યક્તિ જે અનંત (ઈશ્વર!!)ને જાણતો હતો. શ્રીનિવાસ રામાનુજનને જન્મજયંતિએ વંદન.

## ૨૨ ડિસેમ્બરનાં દિવસને ભારતમાં ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે

# ૨૨/૧૨ એ જાણીતા ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનનો જન્મ દિવસ છે




સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રવિવારનાં લેખ માટે છેલ્લા સપ્તાહના સમાચાર તપાસતી હતી, તો રસિયા યુક્રેનનાં યુદ્ધમાં રશિયાએ એક દિવસમાં યુક્રેનના ૫૪૦ સૈનિકોને માર્યા, અને સાંસદોની ધક્કામુક્કી માં ભાજપના બે સાંસદો ઘાયલ રાહુલ ગાંધી પર આક્ષેપ! માતાએ દીકરીના પ્રેમીનું સોપારી આપી કાસણ કઢાવી નાખ્યું! અકસ્માતમાં વૃદ્ધાને પ્રૌઢનો જીવ ગયો, વગેરે સમાચારો જોયા! એવું લાગ્યું કે આ લોહિયાળ સમાચાર વિશે લખીને નકારાત્મકતા વધારવી નથી.

એટલે દિન વિશેષ પર નજર કરી! તો બે વાતનો ગણિત વિષનો એક સંદર્ભ મળ્યો અને એટલે આપણાં ઋષિમુનિઓની મહત્તા દર્શાવતું દર્શન કરીએ. આ વખતે ૨૨ ડિસેમ્બર ખગોળીય ચાર વિશેષતા ધરાવે છે. હિંદુ પંચાંગ મુજબ તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ થી શીશિર ઋતુનો પ્રારંભ થાય છે. ૨૨ ડિસેમ્બરને શિયાળુ અયન કાળ પણ કહે છે, જેને લેટિનમાં સોલ્સ્ટિસ કહે છે સોલ નો અર્થ સૂર્ય થાય છે, અને સિસ્ટ નો અર્થ સ્થિર થવું, એટલે કે હવે સૂર્ય ધીરેધીરે સ્થિર થશે. પૃથ્વી પોતાની ધરી પરનાં આવર્તનમાં ઝુકી ગયેલ અક્ષ પર પાછી ફરીને ધીરેધીરે સૂર્ય સન્મુખ થશે, એટલે કે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરીને ઉત્તરાયણ તરફ આગળ વધશે. તારીખ ૨૨ ડિસેમ્બરે સૌથી લાંબી રાત અને ટુંકો દિવસ હશે. પછી ધીરેધીરે દિવસ મોટો અને રાત ટૂંકી થશે, એટલે ઋતુ ઉનાળા તરફ પગરણ માંડશે. આ થઈ વાત હિન્દુ પંચાગ મુજબ શીશિર ઋતુ પ્રારંભ તેમજ ખગોળ દ્રષ્ટિએ તેનું મહત્વ! ખગોળીય ઘટનાં ગ્રહોના આવર્તન મુજબ હોવાથી, ગયા વર્ષે ૨૧ એ મોટામાં મોટી રાત્રીનો દિવસ હતો.

૨૨ ડિસેમ્બરનાં દિવસને ભારતમાં ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કારણકે ૨૨ ડિસેમ્બરે ભારતનાં ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનનો જન્મ દિવસ છે, અને તેથી રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શ્રીનિવાસ અયંગર રામાનુજને તેમના જીવનની ઉપલબ્ધીઓને સમ્માન આપવા માટે ૨૨ ડિસેમ્બરે તેમની જયંતી પર રાષ્ટ્રીય ગણિત દિવસ જાહેર કરવામાં આવ્યો છે. વર્ષ ૧૮૮૭નાં આ દિવસે ભારતીય મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ અયંગર રામાનુજનો જન્મ ૨૨ ડિસેમ્બર ૧૮૮૭ કોયંબતૂરના ઈરોડ ગામમાં થયો હતો. તેમની ગણના આધુનિક કાળના દેશદુનિયાના મહાન ગણિત વિચારકોમાં થાય છે, પણ માત્ર ૩૨ વર્ષની ઉંમરે ૧૯૨૦ મા એમનું મૃત્યુ થયું. મનમોહન સિંહ જ્યારે વડાપ્રધાન હતાં ત્યારે મદ્રાસ યુનિવર્સિટીમાં એમની ૧૨૫ જન્મ જયંતી ઉજવાતી હતી ત્યારે ૨૨ ડિસેમ્બરને રાષ્ટ્રીય ગણિત દિવસ ઉજવાશે એવી જાહેરાત ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ કરી હતી. તેમણે પોતાના જીવનકાળમાં ગણિત વિશ્લેષણ અને સંખ્યા સિદ્ધાંતના ક્ષેત્રોમાં વિસ્તૃત યોગદાન આપ્યું હતું.

**એક અંગ્રેજ સહકર્મીએ રામાનુજને ટ્રિનિટી કોલેજ, કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર જીએચ હાર્ડી પાસે ગણિત ભણવા મોકલ્યો. પ્રથમ વિશ્વ યુદ્ધની શરૂઆતના પહેલાં જ રામાનુજનું ટ્રિનિટી કોલેજમાં એડમિશ થઈ ગયું હતું.**




બાળપણથી જ તેઓને ગણિતમાં રૂચિ હતી, અને માત્ર ૧૨ વર્ષની ઉંમરમાં તેમણે ત્રિકોણમિતિમાં મહારત હાંસલ કરી લીધી હતી, અને અન્ય કોઈની મદદ વિના પ્રમેયને વિકસિત કર્યો હતો. તેમનું પ્રારંભિક શિક્ષણ કુંભકોણમની પ્રાથમિક શાળામાં થયું. ૧૮૯૮માં તેમણે ટાઉન હાઈસ્કુલમાં એડમિશન મેળવ્યું. અહીં તેમને ગણિત વિષયનું એક પુસ્તક વાંચવા મળ્યું. જેનાથી તેઓ એટલા પ્રભાવિત થયાં કે ગણિત તેમનો મનપસંદ વિષય બની ગયો. તેમણે મદ્રાસ યૂનિવર્સિટીમાં અધ્યયન કર્યું. વર્ષ ૧૯૧૧માં ઈન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની જર્નલમાં તેમનો ૧૭ પાનાનો એક પેપર પ્રકાશિત થયો,જે બર્નૂલી નંબરો પર આધારિત હતો.

ઘરની આર્થિક સ્થિતી અને જરૂરિયાતો પૂર્ણ કરવા માટે વર્ષ ૧૯૧૨માં તેમણે મદ્રાસ પોર્ટ ટ્રસ્ટમાં ક્લાર્ક તરીકે નોકરી શરૂ કરી જ્યાં તેમની ગણિતના કૌશલ્યનો ભરપુર ઉપયોગ કર્યો. એક અંગ્રેજ સહકર્મીએ રામાનુજને ટ્રિનિટી કોલેજ, કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર જીએચ હાર્ડી પાસે ગણિત ભણવા મોકલ્યો. પ્રથમ વિશ્વ યુદ્ધની શરૂઆતના પહેલાં જ રામાનુજનું ટ્રિનિટી કોલેજમાં એડમિશ થઈ ગયું હતું. હાર્ડીએ રામાનુજને પહેલા મદ્રાસ યૂનિવર્સિટીમાં અને બાદમાં કેંબ્રિજમાં સ્કોલરશીપ અપાવવામાં મદદ પણ કરી હતી. એમણે જીવનકાળ દરમિયાન સાત ગાણિતિક ઉપલબ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમના ટૂંકા જીવન દરમિયાન, રામાનુજને સ્વતંત્ર રીતે લગભગ ૩,૯૦૦ પરિણામો એટલે કે ભૌમિતિક ઓળખ અને સમીકરણો સંકલિત કર્યા. પણ અફસોસની વાત એ છે કે, એમનાં જીવન દરમિયાન એને સમજી શકનાર બહુ ઓછાં હતાં! હાર્ડી એ પોતે કબુલ્યું હતું કે એમણે મને અમુક સમીકરણો બતાવી ચકિત કરી દીધા હતાં, અથવા તો હું એની સામે હાર્યો હતો. મોટેભાગે બને છે એવું જ બન્યું, અને એમનાં દેહાંત બાદ ૨૦૧૨ નાં અંત સુધી એમનાં પરિણામો પર સંશોધન થયું, અને સરળ ગુણધર્મ અને સમાન આઉટપુટ માટે એની ટિપ્પણી ગહન હોવાથી એમનાં જીવતા સર્વ ગ્રાહ્ય ન બન્યાં, અને પાછળથી એ મહાન બન્યાં. મૂળમાં ગણિત એટલે કે અંકોની શોધ બીજી સદીમાં થઈ! પણ આપણે જે માહિતી મુજબનાં ગણિતની વાત કરીએ છીએ તે તો લગભગ છઠ્ઠી સદીમાં ગાણિતિક અંકો, અને અંક ગણિત તેમજ ભૂમિતી વિશેનો ઉલ્લેખ જોવા મળે છે. પાયથાગોરિયન પ્રજા દ્વારા એને પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું, અને એટલે પાયથાગોરસ પ્રમેય, થિયરી અને ડેફિનેશન બધામાં પાયથાગોરસ શબ્દનો પ્રયોગ થાય છે, પછી, યુરોપિયન, અરબી, લેટિન, ફારસી, દેવનાગરી, બંગાળી, ચાઈનીઝ અને તામિલ વગેરે ભાષાઓમાં ગાણિતિક સંજ્ઞા કે અંકોમાં શાસ્ત્રો લખાયાં અને આજે તો હવે... ગણિતનાં અંકોની શોધ જ્યારે પણ થઈ હોય ત્યારે! પણ આપણા કપિલ મુનિને ગણિતનાં પ્રણેતા માનવામાં આવે છે!: તેમણે તત્વ દર્શનને આધારે અદભુત સાંખ્ય દર્શન આપ્યું જે ગણિતનો પાયો છે. સાંખ્યદર્શનમાં ચાર પ્રકારનાં તત્વો છે કે જેની સંખ્યા પચીસની છે. (૧) પ્રકૃતિ (૨) વિકૃતિ (૩) પ્રકૃતિ વિકૃતિ-ઉભય અને (૪) અપ્રકૃતિ-અવિકૃતિ-અનુભય. પ્રકૃતિ જ જગત કે સૃષ્ટિના ઉદ્ભવના મૂળ કારણનું કારણ છે. એ અચેતન પ્રકૃતિને પ્રવૃત્તિ કરાવનાર ચેતન તત્વ પુરુષ છે. પ્રકૃતિ અને પુરુષ બંનેને માનનારું સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે. પ્રકૃતિ પુરુષ કે આદમ અને ઈવના ત્રિગુણાત્મિક ગુણ સત્વ, રજસ્ અને તમસથી આગળ આગળ સૃષ્ટિ વૃદ્ધિ કરતી ગઈ, અને દરેક જીવ સૃષ્ટિ ત્રણેય ગુણોની બનેલી છે. એ ત્રણેય ગુણો સામ્યાવસ્થામાં હોય એટલે સરખા પ્રમાણમાં રહેલા હોય ત્યાં સુધી સૃષ્ટિ લયમાં હોય છે, પરંતુ રજોગુણની ચંચળતાને લીધે ગુણોના પ્રમાણમાં વધઘટ થાય, એટલે ક્રમે ક્રમે બીજાં ૨૩ તત્વ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. દરેક જીવમાં અગિયાર ઈન્દ્રિય એક મન, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને આ ઉપરાંત પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે, જેમાંથી પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે. એક મન, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ મહાભૂતો એ ૧૬ તત્વો ફક્ત સૃષ્ટિ ગત કાર્ય છે. સંક્ષેપમાં ૧૬ વિકૃતિ ૭ પ્રકૃતિવિકૃતિ મળીને કુલ ૨૩ તત્વોનું કારણ છે. ૨૪મી પ્રકૃતિ અથવા નિયતી અને ૨૫મું તત્વ ચેતન પુરુષ, એ પ્રકૃતિ કે વિકૃતિ નથી, એ અપ્રકૃતિ-અવિકૃતિ છે. આ ૨૫ તત્વોના જ્ઞાનથી જીવ જીવન મુક્ત થઈ શકે છે, કારણકે આપણે અહીં કંઈ જ કરતા નથી, કોઈ વાર પ્રકૃતિ એટલે કે નિયતી કરાવે છે તો કોઈ વાર વિકૃતિ એટલે કે અપ્રત્યક્ષ કારણ અથવા નિમિત્ત! આમ પોતાને બુદ્ધ માનતો પુરુષ પ્રકૃતિના ખેલમાંથી નિવૃત્ત થાય છે, અને પોતે મોક્ષ પામે છે, અથવા ઈશ્વર તત્વમાં ભળી જાય છે, કારણકે ઈશ્વર કાર્ય કારણ સિદ્ધાંતની પરે હોય છે.

ઋષિમુનિઓએ તો યુગો યુગો પહેલાં ગ્રહો અને નક્ષત્રની રચના મુજબ બે પખવાડિયાનાં શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષની શોધ કરી હતી, અને એને આધારે દિવસ મહિનો અને બાર મહિના ને અંતે વર્ષ એમ ગણતરી થતી!; આજે પણ આપણે એને આધારે જ તિથિની ગણતરી કરીએ છીએ.એના પરથી કહી શકાય કે ગણિતનો પાયો સનાતન સંસ્કૃતિની દેન છે. જય હિન્દ.

## મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે

# સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે



વિશેષ
ચલપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં વખાણ કરે છે.પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે.**

સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલો લાગે છે.કુંતાય દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુઃખ મારો ગુરુ છે. જે દુખાય નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે,તેથી તેને હું મારી સંપત્તિ માનું છું.સુખને નાખો ખાડામાં. સુખનું શું કામ છે? બલિહારી દુઃખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે. હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે, જેથી તમારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે.ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છેઃ વિદ્યામદ,યૌવનમદ, દ્રવ્ય મદ્, અધિકારમદ.આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડે છે, ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે. તે વખતે ભૂલી જાય છેકે પ્રોફેસર છું પ્રોફેસર સાહેબ કથામાં આવે છે, ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી!ભણેલા લોકોને ભજનમાં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે? ભગવાને કહ્યું છે, આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બને છે અને મારું અપમાન કરે છે.

આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે!

મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છે કે દુષ્ટોનો વિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે.

કુંતાજી કહે છે કે,જ્યારે તમે ગોકુળ માં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારું એ બાલ સ્વરૂપ મારાથી હજુ ભૂલાતું નથી.એ વખતે યશોદા એ તમને બાંધ્યા હતા. તે ઝાંખી મને થઈ છેતે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય.

મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં વખાણ કરે છે.પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે.

સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે. સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે.

ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવને નારાજ કરી શકતા નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે. કુંતાજીના મહેલમાં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છે કે, શ્રીકૃષ્ણ મારાસખા છે. મારા માટે પાછા આવ્યા છે.

કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભીરહી એટલે પાછા આવ્યા છે.

દ્રૌપદી કહે,ના રે,શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી, ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે.

સુભદ્રા કહે છે,તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું.એટલે મારા માટે તેઓપાછા આવ્યા છે. મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે.

પ્રભુ સર્વને વહાલો, પણ એ કોઈ એકનો નહીં.એતો સર્વથી ન્યારો છે.શ્રીકૃષ્ણ કહે છે હું કોઈ સગાઈ ને માનતો નથી.માત્ર પ્રેમ સગાઈમાં માનું છું.હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું.મને ભીષ્મ યાદ કરે છે.

ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે.તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે. મહાત્માઓનું મરણ મંગલમય હોય છે.સંતનો જન્મ આપણા જેવો હોય છે,તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતી નથી.પરંતુસંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણ તિથિ ઊજવાય છે. ભીષ્મ પિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટા મોટા ઋષિઓ ત્યાં આવ્યા છે.

ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મપિતા પાસે જવા કહે છે.બધા બાણ ગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે.બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે.તેમણે કાળને કહ્યું હું,હું તારો નોકર નથી મારા શ્રીકૃષ્ણનો સેવક છું. મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે જરૂર આવીશ. પણ તેઓ કેમ હજુ દેખાતા નથી? મારા નારાયણ આવે તો તેમના દર્શન કરી હું પ્રાણત્યાગ કરીશ. આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે.ભીષ્મ ધર્મરાજાને કહે, શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે.મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે.ભીષ્મે ભગવાન ને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી,આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યા નથી. દાદાજી,બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે.આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું, ત્યારે તારી રાણીને આશીર્વાદ લેવા મોકલજે.હું અખંડ સૌભાગ્ય નું વરદાન આપીશ. પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરી થશે ને!

શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે દાદાજી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજે ને ભાનુમતિ કહે, ભલે,તો કાલે ડોસા ને ગમે ત્યારે મળાશે.પછીશ્રીકૃષ્ણે દ્રૌપદીને જગાડી, અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા.

ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાન દેખાય છે. આજે ભગવાન દ્રૌપદી ના ખવાસ થઈને આવ્યા છે દ્વારપાળે અટકાવ્યા.પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે,અખંડ સૌભાગ્યવતી ભવ દ્રૌપદી બોલી, દાદાજી,તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું.ભીષ્મ કહે, મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે,સાચા હૃદયથી નહીં. સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે?હા, શ્રી કૃષ્ણનું જ આ કામ ક્યાં છે એ!ભીષ્મ દોડતા બહાર આવ્યા.શ્રીકૃષ્ણને કહે, આજે તો હું આપનું ધ્યાન કરું છું પણ અંત કાળે તમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંત કાળે મારી લાજ રાખવા આવજો તે વખતે મને લેવા આવ જો!તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મપિતા ને વચન આપેલું કે હું જરૂર આવીશ તેમને આપેલું એ વચન સત્ય કરવા આજે દ્વારિકા નાથ પધાર્યા છે.પ્રભુની રોજ પ્રાર્થના કરજો. મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે, પણ અંતકાળે દુઃખથી દેહન સંધાન થાય છે તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ ભીષ્મપિતા શ્રીકૃષ્ણ ની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છો તેવા જ ઊભા રહેજો!શ્રીકૃષ્ણ વિચારે છેકે,મને બેસવાનું પણ નહીં કહે?પુંડલિક ની સેવા મને યાદ આવે છે. નુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે.મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની મેં કદર ન કરી. મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે.

રોજ પ્રાર્થના કરો કે, નાથ,મારું મરણ સુધારજો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરો અને પ્રભુને રીઝવો.શ્રીકૃષ્ણ કહે, દાદા, આ ધર્મરાજાને થાય છે કે મેં બધા ને માર્યા છે. મારે લીધે સર્વ નાશ થયો!નમને શાંતિ મળે તેવો ઉપદેશ આપ કરો.

ભીષ્મપિતા કહે છે,ધર્મરાજાની શંકાનું સમાધાન પછી કરીશ. પહેલાં મારી એક શંકાનું સમાધાન કરો. મારા પ્રશ્નનો જવાબ આપો. મારું જીવન નિષ્પાપ છે, મારું મન પવિત્ર છે,મારું તન વ્યવિત્ર છે મારી ઈન્દ્રિયો પવિત્ર છે,છતાં આજે મને આ સજા કેમ થાયછે? મારે બાણની શૈયા ઉપર સૂવું પડ્યું છે.મને અતિશય વેદના થાય છે.હું નિષ્પાપ છું છતાં મને આ સજા કેમ? કેમ સજા કરો છો?ત્યારે ભગવાન કહે છે, દાદાજી, આપે પાપ કર્યું નથી તે વાત સાચી છે. તેથી તો હું આપને મળવા આવ્યો છું. પાપ કર્યું નથી, પણ આંખથી પાપ જોયું છે.આપે પાપ જોયું તેની સજા છે. કોઈ પાપ કરે તે તમે જુઓ તો એ પણ પાપ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત... અસ્તુ.

# રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં દેશી ગર્લનું બહુમાન

બોલિવૂડની દેશી ગર્લ પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. જ્યાં તેણે હવે તેના ફેન્સ સાથે ઘણી તસવીરો પણ શેર કરી છે.પ્રિયંકા ચોપરા જોનાસ બોલિવૂડની સફળ અભિનેત્રી છે. તાજેતરમાં જ અભિનેત્રીએ રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. જ્યાં તેમની શાનદાર કારકિર્દી અને સ્ક્રીન અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમના યોગદાન માટે તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. હવે અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની ઘણી તસવીરો પણ શેર કરી છે.રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપવા પર પ્રિયંકા ચોપરા જોનાસે કહ્યું, “રેડ સી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સન્માન મેળવવું મારા માટે સન્માનની વાત છે, જે વાર્તા કહેવાની ઉજવણી છે જે ભાષા, સરહદો અને સાંસ્કૃતિક વિભાજનને પાર કરે છે.પ્રિયંકાએ વધુમાં ઉમેર્યું, “હું હંમેશા માનતી રહી છું કે મનોરંજનની સાર્વત્રિક શક્તિ લોકોને એક કરવાની ક્ષમતા ધરાવે છે અને હું વિશ્વભરમાં કહેવાતી અદભૂત વાર્તાઓ અને પ્રતિભાને પ્રદર્શિત કરવા માટે રેડ સી ટીમને બિરદાવું છું. માત્ર હોલીવુડ કે બોલિવૂડની અંદર જ નહીં પરંતુ તેનાથી આગળ પણ.અભિનેત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, “લગભગ ૨૫ વર્ષની મારી કારકિર્દી પર નજર કરીએ તો, મને યાદ આવે છે કે હું કેટલી નસીબદાર રહી છું કે હું એવી વાર્તાઓ કહી શકી અને તેમાં યોગદાન આપી શકી જે બદલાવને પ્રેરિત કરે અને આપણને બધાને જોડે મને શા માટે પ્રથમ સ્થાને ફિલ્મો બનાવવામાં રસ પડ્યો.રેડ સી ફિલ્મ ફાઉન્ડેશનના મેનેજિંગ ડાયરેક્ટર શિવાની પંડ્યા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, “દર વર્ષે અમે ચેન્જમેકર્સ અને એન્ટરટેઈનમેન્ટ આઈકોન્સનું સન્માન કરીએ છીએ



અને પ્રિયંકા એવી વ્યક્તિ છે જેણે તેની શાનદાર કારકિર્દી દરમિયાન આ બંને વસ્તુઓનું સર્જન કર્યું છે, જેનો તે સતત વિકાસ કરી રહી છે. તે વૈશ્વિક સ્ટાર છે. , પરંતુ તે એક અભિનેત્રી પણ છે જેણે ઉભરતા ફિલ્મ નિર્માતાઓને મદદ કરી છે અને નિર્માણ પણ કર્યું છે.પ્રિયંકા ચોપરા રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં સફેદ ઓફ શોલ્ડર ગાઉન પહેરીને પહોંચી હતી.પ્રિયંકાનો આ અવતાર હવે દરેકના હોશ ઉડાવી રહ્યો છે. ચાહકો તેના લુક અને કિલર સ્ટાઈલના દિવાના બની ગયા છે. કોમેન્ટ સેક્શનમાં દરેક લોકો દેશી ગર્લના વખાણ કરતા જોવા મળે છે.પ્રિયંકા ચોપરા આ દિવસોમાં હોલીવુડમાં સક્રિય છે. તેના વ્યસ્ત શેડ્યૂલ વચ્ચે, અભિનેત્રી ઘણીવાર તેની પુત્રી માલતી મેરી જોનાસ અને પતિ નિક જોનાસ સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરતી જોવા મળે છે.

### કાંડ ૨૦૧૦ ટ્રેલરઃ હરિયાણવી વેબ સિરીઝ

# ‘કાંડ ૨૦૧૦’ સમાજમાં ઉંચ-નીચની આગ

**પ્રખ્યાત અભિનેતા યશપાલ શર્મા સ્ટારર હરિયાણવી વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’નું ટ્રેલર રિલીઝ થઈ ગયું**

હરિયાણવી વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ વેબ સિરીઝ બતાવે છે કે સમાજમાં આર્થિક રીતે મજબૂત ઉચ્ચ વર્ગના લોકો કેવી રીતે નીચલા વર્ગના લોકોનું શોષણ કરે છે. આ સાથે તેઓ પોતાની તાકાતનો ઉપયોગ આ લોકોને હેરાન કરવા માટે કરે છે. હરિયાણાની વાર્તા સામાજિક દ્વંદ્વજ રાજનીતિ ડ્રામા વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’માં જોવા મળશે. ચાલો જોઈએ કે રાજેશ અમરલાલ દ્વારા નિર્દેશિત યશપાલ શર્મા સ્ટારર વેબ સિરીઝના ટ્રેલરમાં શું બતાવવામાં આવ્યું છે. વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’નું ટ્રેલર તમને વિચારવા મજબૂર કરી દેશે વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’નું ૨.૪૦ મિનિટનું ટ્રેલર તમારું ધ્યાન ખેંચશે. ટ્રેલરની શરૂઆતમાં બતાવવામાં આવ્યું છે કે છોકરાઓના એક જૂથ પર કૂતરો હુમલો કરે છે. છોકરાઓ પર હુમલો કરનાર કૂતરો દલિત સમુદાયના વ્યક્તિનો હતો. જે લોકો પર કૂતરા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો તે લોકો જ સૌથી પહેલા દલિત સમાજના લોકોને ધમકાવતા હતા. આ પછી આ લોકોએ દલિત




સમુદાયને પાઠ ભણાવવા માટે દલિત કોલોનીમાં આગ લગાવી દીધી હતી. આગની આ ઘટનામાં લોકો મૃત્યુ પામે છે અને તેમની મહેનતની કમાણી બળીને રાખ થઈ જાય છે. આ પછી ગામડાનું રાજકારણ, મીડિયા અને પોલીસ પ્રવેશે છે પરંતુ સત્ય હંમેશા રહે છે કે નાના લોકોને મોટા લોકો દબાવી દે છે. આ મોટા લોકો પોતાના પદનો ગેરલાભ ઉઠાવે છે અને બીજાનું દુઃખ સમજવાની કોશિશ પણ કરતા નથી. આ સાથે, જો કોઈ પીડિતોને મદદ કરવાનો પ્રયાસ કરે છે, તો તેમને હેરાન કરવામાં આવે છે જેથી તેઓ કંઈ કરી શકતા નથી. સત્ય ઘટનાઓ પર આધારિત વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’ વેબ સિરીઝ ‘કાંડ ૨૦૧૦’ વિશે કહેવામાં આવે છે.

### નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્ન પછી સમંથાની પોસ્ટ થઈ વાયરલ

# સામંથાને ૨૦૨૫માં વફાદાર અને પ્રેમાળ પાર્ટનરની તલાશ



નાગા ચૈતન્ય અને સામંથા રુથ પ્રભુના ડિવોર્સ સત્તાવાર જાહેર થતાં પહેલાં તેમના સંબંધો ચર્ચામાં રહ્યા છે. આ બાબતે સામંથા અનેક વિવાદોનો સામનો કરી ચૂકી છે. પછી જ્યારથી શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્યના લગ્નની વાત શરૂ થઈ અને પછી તેમના લગ્નની વિધિઓ શરૂ થઈ ત્યારથી સામંથાની જૂની પોસ્ટ કે નવા નિવોદનો ફરી ચર્ચામાં રહેતા થયા છે. તાજેતરમાં સામંથાએ પોતાના વર્ષ ૨૦૨૫ માટેનું વૃષભ, કન્યા અને મકર રાશિનું ભવિષ્ય દર્શાવતી પોસ્ટ શેર કરી હતી, તેણે ચર્ચા જગાવી છે. તેના ભવિષ્યમાં કારકિર્દીમાં બઢતી, આર્થિક સ્થિરતા અને વફાદાર તેમજ પ્રેમાળ પાર્ટનરનાં વચનની વાત હતી. સમંથાએ લખ્યું હતું, “તથાસ્તુ” અને પોતાની દિલની આશાઓ વ્યક્ત કરી હતી કે આ ભવિષ્ય સાચું પડે.આ ભવિષ્યમાં સંબંધો સિવાય, વધુ સિદ્ધિઓ માટેની તકો, સ્થળાંતર, આવકના એકથી વધુ સ્રોત અને જેમને પરિવાર વિકસાવવું હોય તેમના માટે ફર્ટિલિટીની વાત હતી. સામંથાએ આ પોસ્ટ જે સમયે શેર કરી તેણે લોકોનું ખાસ ધ્યાન ખેંચ્યું છે, કારણ કે એ નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્નના બીજા જ દિવસે શેર કરી છે. તેથી લોકો આ પોસ્ટને તેના પૂર્વ પતિના લગ્ન સાથે જોડી રહ્યા છે. જોકે, સામંથાએ આ અંગે કોઈ સીધી નવી શરૂઆત અને વફાદાર પાર્ટનરની અંગત જીવનમાં જરૂર વિશે કોઈ વાત કરી નથી. આથી આગળ સામંથાએ પોતાની પોસ્ટમાં એવું પણ લખ્યું,“કેટલાક વર્ષો જીતવા માટે હોય છે, કેટલાક વર્ષો તમારી છબિ બનાવવા માટે હોય છે.” તેથી આ નિવેદનને પણ લોકોની ચર્ચાઓને પ્રોત્સાહન આપ્યું અને તેને લોકો સામંથાની વિચારધારા અને પોતાના વિકાસ અને પ્રતિકાર કરવાની ક્ષમતા સાથે જોડવા લાગ્યા હતા. આ અઠવાડિયા અગાઉ પણ સામંથાએ એક એવી પોસ્ટ કરી હતી, જેનાથી ચર્ચાઓને જોર મળ્યું હતું. તેણે કેપ્શનમાં લખેલું,“સાશા (તેનું પેટ ડોગ) ના પ્રેમ જેવો બીજો કોઈ પ્રેમ નથી”. ૨૦૨૧માં નાગા ચૈતન્ય અને સમંથાએ ડિવોર્સ લીધાં હતાં, ત્યારથી તેણે પોતાનું અંગત જીવન અંગત રાખીને પોતાની કેરિઅર અને તબિયત પર ધ્યાન આપવાનું નક્કી કર્યું છે.

### પ્રિયાએ કહ્યું, ઇન્ડિયન ઓશન પાછળ ઓડિયન્સ ઘેલું થયું હતું

# પ્રિયા બાપટે લાઇફમાં પહેલી વખત લાઇવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યું હતું

એક્ટ્રેસ પ્રિયા બાપટે તાજેતરમાં પોતાના જીવનનું એક મોટું સપનું સાકાર કર્યું છે. તેણે ઈન્ડિયન ઓશન બૅન્ડ સાથે લાઈવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યું હતું. આ અંગે તેણે કહ્યું,“એ જાદુઈ અનુભવ હતો અને જાણે સપના જેવું લાગતું હતું. હું એક થિએટર એક્ટર છું, તેથી મને સ્ટેજ પર રહેવાની આદત છે. પરંતુ એ એક્ટિંગ છે અને એના માટે હું મહિનાઓ સુધી રિહર્સલ કરું છું, એ મારું રોજનું કામ છે. આ અલગ અનુભવ હતો, ઓડિયન્સની જે ઘેલછા તમને જોવા મળે એ અલગ સ્તરની હતી.”પ્રિયાએ આગળ જણાવ્યું, “ઓડિયન્સ મને જોવા નહોતું આવ્યું, એ લોકો ઈન્ડિયન ઓશનનો કોન્સર્ટ સાંભળવા આવ્યા હતા. તેથી મારી જવાબદારી વધારે હતી કે હું એમનો અનુભવ ખરાબ ન કરું. હું થોડી નર્વસ હતી પરંતુ મારી ટીમ અને મારા હસબન્ડે મને સ્ટેજ પર જઈને મજા લેવા સમજાવી. તેમાં પણ સૌથી ડર લાગે એવી વાત હતી, લિરિક્સ, કારણ કે એ પિયુષ મિશ્રાના શબ્દો હતા. તેથી હું થોડી વધારે નર્વસ થઈ ગઈ હતી, પરંતુ ઈન્ડિયન ઓશનની ટીમે બધું સંભાળી લીધું. એ લોકો ખરા રોકસ્ટાર છે.”પોતાને મળેલી આ તક અંગે પ્રિયાએ કહ્યું કે ગુડગાંવમાં તેની એક મિત્રએ ઈન્ડિયન ઓશનનો શો સાંભળ્યો હતો, જેમાં તેમણે પ્રિયાની એક



મરાઠી ફિલ્મનું ગીત પરફોર્મ કર્યું હતું. “અમે લોકો વીડિયો કોલ પર એક વખત મળ્યા અને પછી હું ઈટાલીમાં વેકેશન માટે જતી રહી હતી. હું જ્યારે પાછી આવી તો મેં એક સ્ટેજ રિહર્સલ કર્યું જે શોના બસ એક કલાક પહેલાં હતું અને હું લાઈવ હતી.”પ્રિયાએ શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ લીધી છે. તેણે પાંચ વર્ષની ઉંમરે સંગીતની તાલીમ લેવાની શરૂ કરી હતી અને ૬-૭ વર્ષની ઉંમર પછી છૂટી ગઈ હતી. તેણે કહ્યું, “મને બહુ મજા નહોતી આવતી અથવા તો હું એ વખતે સંગીતનું મૂલ્ય સમજતી નહોતી. તેથી મેં સંગીતને એકબાજુ મુકી દીધું. એક્ટિંગ કરવા લાગી, પણ સંગીત સાવ ભુલાયું નહોતું. મારો દરેક ભાવ સંગીત સાથે જોડાયેલો હોય છે. મારા મરાઠી ઈન્સ્ટ્રીના લોકો જાણે છે કે હું ગાઈ શકું છું, મેં મારા બે ફિલ્મોના ગીતો માટે પ્લેબેક પણ કર્યું છું, એ ગીતો ઘણા લોકપ્રિય થયાં હતાં. હાલ હું એક નાટક કરું છું જેમાં મારે લાઈવ ગાવાનું છે, તેથી હું ફરી શાસ્ત્રીય સંગીત શીખી રહી છું. છેલ્લા ત્રણ ચાર મહિનાથી મારો રિયાઝ ફરી શરૂ થઈ ગયો છે.”પ્રિયાને પોતાની ક્ષમતાઓ ચકાસવા માટે સંગીત તરફ જવાની ઈચ્છા છે, તો તેને તક મળે તો વધુ ગાવા માગે છે.

# પુત્રી હિંદુ છે એવા પ્રમાણપત્રની જરૂર નથી

મુકેશ ખન્નાએ તાજેતરમાં જ શત્રુઘ્ન સિન્હાની પુત્રી અને બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષીના ઉછેર પર સવાલો ઉઠાવ્યા હતા અને રામાયણ વિશેના જ્ઞાનના અભાવ માટે તેમની ટીકા કરી હતી. ‘કૌન બનેગા કરોડપતિ’ના એક એપિસોડમાં હિંદુ મહાકાવ્ય સાથે સંબંધિત એક પ્રશ્નનો જવાબ ન આપી શકવાથી સોનાક્ષી સાથે આ વિવાદ શરૂ થયો હતો. જેના પર મુકેશ ખન્ના પહેલા જ એક્ટ્રેસ પર નિશાન સાધી ચૂક્યા છે અને હવે તેમણે ફરી એકવાર સોનાક્ષીની જાણકારી પર સવાલ ઉઠાવ્યા છે. આવી સ્થિતિમાં સોનાક્ષી પણ પોતાની જાતને કાબૂમાં રાખી શકી નહીં અને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શક્તિમાન એટલે કે મુકેશ ખન્નાની ટીકા કરી. પરંતુ શું તમે જાણો છો કે થોડા વર્ષો પહેલા ૨૦૨૦માં સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિન્હાએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. હકીકતમાં, આ પહેલા પણ મુકેશ ખન્ના કેબીસીમાં ‘રામાયણ’ સાથે જોડાયેલા સવાલનો જવાબ ન આપી શકવાને કારણે સોનાક્ષી સિન્હા પર નિશાન સાધતા રહ્યા છે. તેણે આ અંગે ઘણી વખત અભિનેત્રી પર નિશાન સાધ્યું છે. થોડા વર્ષો પહેલા શત્રુઘ્ન સિન્હાએ આ મામલે પ્રતિક્રિયા આપી હતી અને તેમનું નામ લીધા વિના, અભિનેતાને ફટકાર લગાવી હતી.બોલિવૂડ હંગામા સાથે વાત કરતા શત્રુઘ્ન સિન્હાએ કોઈનું નામ લીધા વિના કહ્યું, ‘હું માનું છું કે કોઈને એ



વાતમાં સમસ્યા છે કે સોનાક્ષી રામાયણ પરના સવાલનો જવાબ આપી શકી નથી. સૌ પ્રથમ, આ વ્યક્તિને રામાયણ સંબંધિત તમામ બાબતોમાં નિષ્ણાત બનવા માટે શું લાયક બનાવે છે? અને તેમને હિંદુ ધર્મના રક્ષક તરીકે કોણે નિયુક્ત કર્યા છે?આ સાથે શત્રુઘ્ન સિંહાએ કહ્યું હતું કે, મને મારા ત્રણ બાળકો પર ખૂબ ગર્વ છે. સોનાક્ષી પોતાના દમ પર સ્ટાર બની ગઈ. મારે ક્યારેય તેની કારકિર્દી શરૂ કરવી પડી નથી. તે એક પુત્રી છે જેના પર કોઈપણ પિતાને ગર્વ થશે. રામાયણ પરના પ્રશ્નનો જવાબ ન આપવાથી સોનાક્ષીને સારી હિંદુ તરીકે ગેરલાયક ઠેરવવામાં આવતી નથી. તેને કોઈ પ્રમાણપત્ર કે કોઈની મંજૂરીની જરૂર નથી.

# અભિનેત્રી સોનાક્ષી સિન્હાએ મુકેશ ખન્નાને રોકડું પરખાવ્યું

**સોનાક્ષી સિન્હા મુકેશ ખન્ના પર ગુસ્સે છે કારણ કે તેણે તેના પિતા શત્રુઘ્ન સિન્હાના ઉછેર પર ટિપ્પણી કરી હતી**

સોનાક્ષી સિંહાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને મુકેશ ખન્નાની ટીકા કરી છે. મુકેશ ખન્નાએ તેના ઉછેર પર ટિપ્પણી કરી હતી, જેના પછી અભિનેત્રી ગુસ્સે થઈ ગઈ હતી.સોનાક્ષી સિન્હા મુકેશ ખન્ના પર ગુસ્સે છે કારણ કે તેણે તેના પિતા શત્રુઘ્ન સિન્હાના ઉછેર પર ટિપ્પણી કરી હતી. શક્તિમાન મુકેશ ખન્ના હંમેશા પોતાના નિવેદનોને કારણે હેડલાઈન્સ બને છે. ક્યારેક તે પોતાના નિવેદનોને કારણે ટ્રોલ થાય છે તો ક્યારેક તેના વખાણ પણ થાય છે. થોડા સમય પહેલા મુકેશ ખન્નાએ કેબીસીમાં ભગવાન હનુમાન સાથે જોડાયેલા સવાલનો જવાબ સોનાક્ષી ન આપી શકવા પર ટિપ્પણી કરી હતી. મુકેશ ખન્નાએ શત્રુઘ્ન સિંહાના ઉછેર વિશે ટિપ્પણી કરી હતી. સોનાક્ષીને આ વાતની ખબર પડી અને તેણે મુકેશ ખન્નાના ક્લાસ શરૂ કર્યા. તેણે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ શેર કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. સોનાક્ષીની આ પોસ્ટ હવે વાયરલ થઈ રહી છે.સોનાક્ષીએ આ પોસ્ટ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરી છે. તેણે લખ્યું- મેં તાજેતરમાં તમારું એક નિવેદન વાંચ્યું જેમાં તમે કહ્યું હતું કે મારા પિતાની ભૂલ હતી કે હું રામાયણ સંબંધિત પ્રશ્નનો સાચો જવાબ આપી શકી નહીં. હું ઘણા વર્ષો પહેલા આ શોમાં ગઈ હતી . તમને યાદ કરાવી દઈએ કે તે સમયે મારી સાથે હોટ સીટ પર અન્ય બે મહિલાઓ પણ હતી, તેઓને પણ આ સવાલનો જવાબ ખબર ન હતી. પણ તમે વારંવાર મારું નામ જ લીધું.સોનાક્ષી ગુસ્સે થઈ ગઈશોમાં પોતાની ભૂલ સ્વીકારતા સોનાક્ષીએ કહ્યું- હા, તે દિવસે મને યાદ ન આવ્યું . સંજીવની બુટી કોણ લાવ્યું તે ભૂલી જવાની માનવીય વૃત્તિ છે પણ તમે ભગવાન રામના ક્ષમાશીલ ઉપદેશો ભૂલી ગયા હોય તેવું લાગે છે. જો ભગવાન રામ મંથરાને માફ કરી શકે છે, તો તે કૈકેયીને માફ કરી શકે છે. જો તે યુદ્ધ પછી રાવણને માફ કરી શકે છે તો તમે પણ આ નાની-નાની વાતો છોડી શકો છો. મારે તમારી માફીની જરૂર નથી. સોનાક્ષીએ આગળ લખ્યું- હું ચોક્કસપણે ઈચ્છું છું કે તમે ભૂલી જાઓ અને એક જ ઘટનાને વારંવાર રજૂ કરવાનું બંધ કરો, જેથી હું અને મારો પરિવાર સમાચારમાં ન આવીએ. અને છેવટે, જ્યારે તમે મારા પિતાએ મારામાં સ્થાપિત કરેલા મૂલ્યો વિશે કંઈપણ કહેવાનું નક્કી કરો છો... મહેરબાની કરીને યાદ રાખો કે તે મૂલ્યોને લીધે જ મેં જે કહ્યું છે તે ખૂબ આદરણીય છે ત્યારે જ તમે કરવાનું નક્કી કર્યું છે મારા ઉછેર વિશે કેટલાક અપ્રિય નિવેદનો બંધ કરી દો.

### સારા અલી ખાન પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે

# એક્સ બોયફ્રેન્ડ સાથે નાચી સારા ખાન

**સૂત્રો અનુસાર કદાચ બંનેએ ફરી એકવાર તેમના પ્રેમને તક આપવાનું વિચાર્યું**

અભિનેત્રી સારા અલી ખાન પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. હવે સારાનો તેના એક્સ બોયફ્રેન્ડ વીર પહાડિયા સાથેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો મસૂરીનો છે. આ વીડિયોમાં તે વીર સાથે ડાન્સ કરતી જોવા મળી રહી છે. બંનેને એકસાથે ડાન્સ કરતા જોઈને સોશિયલ મીડિયા પર એવી ચર્ચા ચાલી રહી છે કે કદાચ બંનેએ ફરી એકવાર તેમના પ્રેમને તક આપવાનું વિચાર્યું છે. જોકે, આ અંગે બંને તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. તમને જણાવી દઈએ કે વીડિયોમાં સારા અલી ખાન અને વીર પહાડિયા



પહાડિયા ગઢવાલી ગીત પર ડાન્સ કરતા જોવા મળે છે. પાછળ તિબેટીયન બૌદ્ધ મંદિર દેખાય છે. બંને એકસાથે ડાન્સ કરતા ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. સારાએ વ્હાઈટ કલરની સાડી પહેરી છે. આ સાથે મેચિંગ સ્લીવલેસ બ્લાઉઝ પહેરેલો છે. જ્યારે વીર બ્લેક બ્લેઝર અને સફેદ પેન્ટ, બ્રાઉન બૂટમાં છે. નોંધનીય છે કે સારા અલી ખાન અને વીર પહાડિયા મુંબઈમાં સાથે મોટા થયા હતા અને કહેવાય છે કે બંને એક સમયે એકબીજાને ડેટ પણ કરી ચૂક્યા હતા. સારા અલી ખાનનું નામ તેની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં વીર પહાડિયા સાથે જોડાયું હતું. જોકે, ફિલ્મી દુનિયામાં આવ્યા બાદ સારા અલી ખાનનું નામ ઘણા લોકો સાથે જોડાઈ ગયું છે. આ વીડિયો કોઈ ફિલ્મના શૂટિંગનો લાગે છે. આ વીડિયો ફિલ્મ સ્કાય ફોર્સનો જણાવવામાં આવી રહ્યો છે. સ્કાય ફોર્સમાં અક્ષય કુમાર લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૦૨૫માં રિલીઝ થશે. આ એક એક્શન ફિલ્મ છે. આ ફિલ્મનું નિર્માણ અમર કૌશિક, દિનેશ વિજને કર્યું હતું.સારા અલી ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે ફિલ્મ એ વતન મેરે વતનમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તે ઉષા મહેતાના રોલમાં હતી. હવે તેના હાથમાં ૩ ફિલ્મો છે. તે આ દિવસોમાં ફિલ્મ મેન્ટ્રોપ, સ્કાય ફોર્સ અને અનટાઈટલ્ડ ફિલ્મમાં જોવા મળશે.

### અભિનેત્રીએ તેના પતિ માટે કરવા ચોથનું વ્રત રાખ્યું હતું

# સાંઈ બાબાના દરબારમાં પહોંચી કેટરીના

**તેણે પૂજા-કરાવવા ચોથની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી**

કેટરીના કૈફે શિરડી સાંઈ બાબાના દર્શને પધારી હતી, જેનો એક વિડિયો સામે આવ્યો છે, જેમાં તે હાથ જોડીને ભક્તિમાં લીન જોવા મળી હતી. અભિનેત્રીએ સફેદ રંગનો સલવાર સૂટ પહેર્યો હતો, જ્યારે તેની સાસુએ જાંબલી રંગનો સલવાર સૂટ પહેર્યો હતો.કેટરિના કૈફ અવારનવાર મંદિરોમાં જાય છે. અભિનેત્રીએ તાજેતરમાં જ તેના પતિ વિકી કૌશલ અને સાસુ વીણા કૌશલ સાથે મુંબઈમાં સિદ્ધિ વિનાયકના દર્શન કરવા ગઈ હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ગ્લેમરસ અભિનેત્રીઓ અવારનવાર સાદગી સાથે મંદિરે જાય છે. શિરડી મંદિર પહેલા કેટરીના પણ લીલા રંગના સિમ્પલ સૂટમાં સિદ્ધિવિનાયક મંદિર પહોંચી હતી. માત્ર પૂજા જ નહીં, અભિનેત્રીને ઉપવાસ કરવામાં પણ ખૂબ જ રસ છે. અભિનેત્રીએ તેના પતિ માટે કરવા ચોથનું વ્રત રાખ્યું હતું, તેણે પૂજા અને કરાવવા ચોથની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી.તસવીરોમાં કેટરીના તેની સાસુ અને આખા પરિવાર સાથે સુંદર ક્ષણો વિતાવતી જોવા મળી



હતી. એક નિખાલસ શૉટમાં વીણા કેટરિનાને પ્રેમથી આશીર્વાદ આપતી જોવા મળી હતી, જ્યારે બીજી તસવીરમાં તે કેટરિનાને જોઈને હસતી જોવા મળી હતી. કેટરિના કૈફના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રી શ્રીરામ રાઘવનની ફિલ્મ ‘મેરી ક્રિસમસ’માં વિજય સેતુપતિ સાથે જોવા મળી હતી. અભિનેત્રી ટૂંક સમયમાં ફરહાન અખ્તરની ફિલ્મ ‘જી લે ઝરા’માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે પ્રિયંકા ચોપરા અને આલિયા ભટ્ટ પણ લીડ રોલમાં જોવા મળશે.

# અમદાવાદના વસ્ત્રાલ ખાતે વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે સામૂહિક ધ્યાન શિબિર યોજાઈ

## યોગ અને ધ્યાનની ભવ્ય ઉજવણીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ધ્યાનના માધ્યમથી મનની શાંતિ અને આત્મશુદ્ધીનો સંદેશ અપાયો



। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

સ્વસ્થ જીવનશૈલીના અભિન્ન અંગ તરીકે ધ્યાન અને યોગાભ્યાસને સ્થાન આપવામાં આવે છે. આ પ્રાચીન વિજ્ઞાન આજે તણાવમુક્ત અને આધુનિક જીવન માટે ઉત્તમ ઉપાય બની ગયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ પ્રયત્નોથી, યોગ અને ધ્યાનને વૈશ્વિક સ્તરે સ્વીકાર અને લોકપ્રિયતા મળી રહી છે. આજે તે માનવજાત માટે આશાનું પ્રતીક બનીને દરેક નાગરિકોને એકતા અને શક્તિનો સંદેશ આપે છે. યુનાઈટેડ નેશન્સ (UNO) દ્વારા ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે ઘોષિત કરવું ભારત માટે ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ છે. વિશ્વ ધ્યાન દિવસ-૨૦૨૪ની ઉજવણી સૌપ્રથમ વાર સમગ્ર વિશ્વમાં કરવામાં આવી છે. જે અંતર્ગત અમદાવાદના વસ્ત્રાલ ખાતે



વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે સામુહિક ધ્યાન શિબિર યોજાઈ હતી. અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી ડૉ. હસમુખભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નાગરિકો ધ્યાન અને યોગાભ્યાસમાં જોડાયા હતા. વસ્ત્રાલ સાઉથ ઝોનના રહીશોએ ગુજરાત યોગ બોર્ડના યોગસાધકો પાસેથી વિવિધ યોગાસનો તથા ધ્યાન પદ્ધતિનું માર્ગદર્શન મેળવી ધ્યાન અને યોગને દૈનિક જીવનનો હિસ્સો બનાવવા સંકલ્પ કર્યો હતો.

# ગુજરાત યુનિવર્સિટી ખાતે શ્રી શિવકૃપાનંદ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ ધ્યાન દિવસ ઊજવાયો

## યોગ અને ધ્યાનથી મન એકચિત્ત રહે છે અને લોકોના મન અને વર્તનમાં સકારાત્મક પરિવર્તન આવે છેઃ શ્રી શિવકૃપાનંદ સ્વામી



। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે શ્રી શિવકૃપાનંદ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે ધ્યાન શિબિર યોજાઈ ગઈ.

ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને યોગપ્રેમી લોકોએ ધ્યાન શિબિરમાં સહભાગી થઈને વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરી હતી.

આ પ્રસંગે શ્રી શિવકૃપાનંદ સ્વામીએ ઉદબોધન કરતાં કહ્યું હતું કે, ધ્યાન એ દેશ અને વિદેશમાં ખૂબ જ પ્રચલિત છે. યોગ એ ધ્યાનનું જ એક માધ્યમ છે. યોગ અને ધ્યાન એ મનમાંથી દુર્ગુણો દૂર કરવાનું એક માધ્યમ છે. યોગ અને ધ્યાનથી મન એકચિત્ત રહે છે. ધ્યાન કરવાથી લોકો મન અને વર્તનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. વર્તમાનમાં રહેવું, જીવવું અને ચિતમગ્ન રહેવું તે ધ્યાનના માધ્યમથી જ શીખી શકાય છે. ધ્યાનના માધ્યમથી ભૂતકાળ અને ભવિષ્યની ચિંતામાંથી મુક્ત થઈ શકાય છે. ધ્યાનના માધ્યમથી પરમાત્માની અનુભૂતિ થાય છે. જ્યારે મન ખૂબ જ બધા વિચારોથી ઘેરાયેલું હોય ત્યારે ધ્યાનના માધ્યમથી તેને એક જગ્યાએ સ્થિર કરી શકાય છે. સૌ કોઈએ ધ્યાન અને યોગ કરવાની શરૂઆત કરવી જોઈએ. યોગ અને ધ્યાનમાં શરૂઆતમાં થોડો થોડો સમય આપી તે સમયને ધીરે ધીરે વધારી શકાય છે. આપણે સૌ પોતપોતાના કામમાં યોગ અને ધ્યાનથી પ્રગતિ કરી



શકીએ છીએ, એવું તેમણે ઉમેર્યું હતું.

શ્રી શિવકૃપાનંદ સ્વામીના માર્ગદર્શનમાં ઉપસ્થિત સૌ લોકોએ ધ્યાન સાધના કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના સૂચન અને પ્રયાસોના પરિણામે યુનાઈટેડ નેશન્સ (UN) દ્વારા ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ વર્ષે ભારત અને સમગ્ર વિશ્વમાં સૌપ્રથમવાર ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી.

ધ્યાન શિબિરના આ કાર્યક્રમમાં શ્રી અંબરીશજી, ડિરેક્ટર શ્રી શિવકૃપાનંદસ્વામી ફાઉન્ડેશન, શ્રી મનીષ ત્રિવેદી, ડાયરેક્ટર-AMC, શ્રી હેમંત જોશી, ડેપ્યુટી ડાયરેક્ટર-આયુષ, અમદાવાદના વરિષ્ઠ ગાયનેકોલોજિસ્ટ ડૉ. સુશ્રી બીના શાહ, શ્રી જે. એ. સરવૈયા, પ્રિન્સિપાલ એચ. કે.આર્ટસ કોલેજ, શ્રી મહેશભાઈ પટેલ-ટ્રસ્ટી શ્રી શિવકૃપાનંદ સ્વામી આશ્રમ તથા વિવિધ આશ્રમ અને ટ્રસ્ટમાંથી પધારેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના દિવ્યાંગજનો માટે સ્વરોજગાર માર્ગદર્શન શિબિર તેમજ અનુબંધમ પોર્ટલ પર નામ નોંધણી કેમ્પ યોજાશે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દાહોદ દ્વારા અનુંબધમ નામ-નોંધણી કેમ્પ અને સ્વ-રોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉમેદવારોએ પોતાના અભ્યાસ પૂર્ણ કર્યાની ઝેરોક્ષ નકલો સાથે લાવવી. આ કેમ્પમાં ઝાલોદ તાલુકાના દિવ્યાંગ ઉમેદવારો પોતાના બાયોડેટા સાથે તારીખ ૨૩-૧૨-૨૦૨૪ ના રોજ આઈ. ટી. આઈ., ઝાલોદ ખાતે સવારે ૧૦ વાગ્યે સ્વખર્ચે હાજર રહેવા તેમજ આ ભરતી મેળામાં ઝાલોદ તાલુકાના વધુમાં વધુ ઉમેદવારોને ભાગ લેવા રોજગાર અધિકારીશ્રી એ. એલ. ચૌહાણ દ્વારા જણાવાયું છે.

# જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, નવસારીના સહયોગથી અમદાવાદ સાયન્સ સીટીની શૈક્ષણિક મુલાકાત લેતા દેગામ હાઈસ્કૂલના બાળ વિજ્ઞાનિકો






। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી આજે આપણે અશક્ય બાબતોને પણ શક્ય બનાવી શક્યા છીએ જેમકે કોમ્પ્યુટર, રોબોટ, ટી.વી., સ્માટ મોબાઈલ, શરીરના વિવિધ અંગોનુ પ્રત્યારોપણ, અન્ય ગ્રહો પર જીવનની શોધ, વિમાન, સ્પેસ સાયન્સ વગેરે વગેરે અનેક બાબતો. નવસારી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી તાજેતરમાં ભીમભાઈ ભગવાનજી દેસાઈ હાઈસ્કૂલ ટ્રસ્ટ દેગામ સંચાલિત બી.બી.દેસાઈ હાઈસ્કૂલ દેગામના બાલવિજ્ઞાનિકોએ અમદાવાદ સાયન્સ સીટીની શૈક્ષણિક મુલાકત લેવામાં આવી હતી. આ સમગ્ર મુલાકાત દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્ર નવસારીના સંયોજક શ્રી મિહિર અને દિવ્યકાંતભાઈ દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના ધો ૧૦ ના ૪૬ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકોએ સાયન્સસીટીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. જેના વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહિત હતા. અહીં બાળકોએ રોબોટિક ગેલેરી,એકવાટિક ગેલેરી, થ્રિલ રાઈડ,નેચર પાર્ક,હોલ ઓફ સ્પેસ, હોલ ઓફ સાયન્સ, એમ્ફિથિયેટર, મિશન ટુ માર્શ અને IMAX થિએટરમાં હબલ 3D મુવી જેવા આકર્ષણો નિહાળ્યા.એકવાટિક ગેલેરીમાં વિવિધ જળચર જીવો વિશે માહિતી મેળવી અને રોબોટિક ગેલેરીમાં વિવિધ પ્રકારના રોબોટ નિહાળ્યા હતા. જેમાં રોબોટ દ્વારા કઈ રીતે આગામી સમયમાં સર્જરી થઈ શકશે તે નિહાળ્યું. ત્યારબાદ હોટલમાં, રમત-ગમતમા, મોલમાં,ખેતી ક્ષેત્રે, ઘરનાં કામકાજમાં કઈ રીતે રોબોટ કાર્ય કરી શકે તેનું પ્રત્યક્ષ નિદર્શન નિહાળવામાં આવ્યું હતું. હોલ ઓફ સ્પેસમા સુર્ય મંડળના તમામ ગ્રહોને મોટા LED સ્ક્રીન પર નિહાળી આપણી પૃથ્વી કેટલી સુંદર છે અને એક્માત્ર જીવસૃષ્ટિ ધરાવતો ગ્રહ હોય એનું રક્ષણ કરવુ એ આપણી સૌની ફરજ છે. અમદાવાદ સાયન્સસીટી પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો અને વિજ્ઞાનની પાછળના રહસ્યોને ઉજાગર કરવાનો છે.અમદાવાદ સાયન્સ સિટીની મુલાકાતનો અનુભવ બાળકો માટે રોમાંચક અને યાદગાર રહ્યો હતો. સરકારશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારી, જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, નવસારી, ગુજરાત સાયન્સ સીટી અમદાવાદ તેમજ ગુજરાત રાજ્ય રોડ પરિવહન નિગમ બિલિમોરા ડેપો આ તમામ વિભાગના સંકલન સાથ સહાકાર થકી ખુબ જ મહત્વનો તેમજ વિદ્યાર્થીઓમા વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ – અભિગમ કેળવાય એ હેતુસર યોજાયેલ ખુબ જ રોમાંચક આકર્ષિત શૈક્ષણિક પ્રવાસનું અયોજન કરાયું હતું. આ પ્રવાસના સુચારૂ અમલીકરણ સહિત માટે વિજ્ઞાન શિક્ષિકા સુનિતાબેન, નેહીબેન અને ચંદ્રકાંતભાઈ અને રાકેશભાઈ દ્વારા બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# જીવનમાં અનેક સંઘર્ષ પછી પીએચ. ડી.નો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ગોધરા તાલુકાના સુખિયા પુરી ગામમાં નિવાસ કરતા તેમજ એમ.જી.વી.સી.એલ માં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા મનોજકુમાર રંગીતસિંહ ચૌહાણ દ્વારા વર્ષ ૨૦૧૮ માં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે પીએચ. ડી.નું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. પરંતુ કોરોનાની મહામારીને લીધે સંશોધન કાર્યમાં મોટું વિઘ્ન ઉત્પન્ન થવા પામ્યું હતું. છતાંપણ કોરોના જેવી મહામારીનો સામનો કરીને તેમને સંશોધન કાર્ય ચાલુ રાખ્યું હતું. પરંતુ પીએચ.ડીના સંશોધન કાર્યમાં પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર પરમ મિત્ર એવા પ્રોફેસર રમેશરાજસિંહ ચૌહાણનું અકાળે અવસાન થયું. તેથી તેઓ ઊંડા આઘાતમાં સરી પડ્યાં હતા. હજુ માંડ માંડ કોરોનાની પરિસ્થિતિ માંથી બહાર આવ્યા ત્યાં તો માતા-પિતાનું અકાળે અવસાન થયું.



તેના લીધે મનોજસિંહ ચૌહાણ ખૂબ જ ઊંડા આઘાતમાં સરી પડ્યાં હતાં. પરંતુ આ પરિસ્થિતિમાં તેમની પત્ની ભારતીબેન ચૌહાણ દ્વારા ખૂબ જ સાથ સહકાર અને પ્રોત્સાહન આપાયું હતું. મનોજસિંહ ચૌહાણની કપરી પરિસ્થિતિમાં ડૉ. રાજેશભાઈ વણકર, ડૉ. મુકેશભાઈ નાયક, પ્રોફે. પ્રકાશસિંહ પરમાર અને ડૉ. દિલીપસિંહ ચૌહાણ દ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેના લીધે તેમને "ચંદ્રાબેન શ્રીમાળી, કાનજી પટેલ અને ધરમાભાઈ શ્રીમાળીની વાર્તાઓમાં સામાજિક સંદર્ભ" વિષય ઉપર મહાશોધ નિબંધ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટીમાં રજૂ કર્યો હતો. મહારાષ્ટ્રની મુંબઈ યુનિવર્સિટીમાંથી આવેલ પ્રોફે. દશરથભાઈ પટેલ દ્વારા વાયાવા લઈને મનોજસિંહ ચૌહાણ ને ડૉક્ટરેટ ની પદવી એનાયત કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા મનોજસિંહ ચૌહાણને ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. વિશેષમાં જણાવવાનું કે મનોજસિંહ ચૌહાણ પોતાના ગામ સુખીયપુરીમાંથી તથા એમ.જી. વી.સી.એલ.માંથી સૌ પ્રથમવાર પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરનાર છે. તેથી ગામના સરપંચ સહિત અનેક લોકોએ તથા એમ.જી.વી.એલ. દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પિતાનું આવું સન્માન થતાં જોઈને પુત્રી દિત્યા અને પુત્ર દિગપાલસિંહે હર્ષની લાગણી અનુભવી હતી.

# કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી એસ.પી.સિંઘ બઘેલએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેબને ભાવાંજલી અર્પી

## કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીએ SoUની મુલાકાત પોથીમાં નોધ્યું કે "સરદાર સાહેબ જેવા વ્યક્તિ જન્મ નથી લેતા, પરંતું ભારત માતાને ગુલામીની જંજીરોમાંથી મુક્તિ માટે અવતરિત થાય છે"




। (માહિતી) નર્મદા, તા.૨૧ ।

કેન્દ્ર સરકારના મત્સ્ય ઉદ્યોગ, પશુ પાલન, ડેરી ઉદ્યોગ વિભાગના રાજ્યમંત્રી શ્રી એસ. પી. સિંઘ બઘેલ નર્મદા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. એકતા નગર સ્થિત સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળીને ગર્વ અનુભવી સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી. મંત્રીશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે અન્ય પ્રકલ્પો નિહાળી આનંદની અનુભૂતિ સાથે એકતા નગરના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોની પ્રસંશા કરી હતી. આંતરરાષ્ટ્રીય પ્રવાસનના કેન્દ્રબિંદુ તરીકે ઉભરી આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રદર્શન કક્ષ સહિત સરદાર સાહેબના જીવન-કવનની તસવીરી ઝલક મંત્રીશ્રીએ નજરે નિહાળી હતી. આ મુલાકાત દરમિયાન ગાઈડ શ્રી મયુરસિંહ રાઉલ દ્વારા મંત્રીશ્રીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર નિર્માણ અને પ્રોજેક્ટની વિશેષતા વિશે ઝીણવટ-ભરી માહિતીથી વાકેફ કર્યા હતા. મુલાકાત બાદ જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના અધિક કલેક્ટરશ્રી નારાયણ માધુએ મંત્રીશ્રીને સ્મૃતિરૂપે સરદાર સાહેબની પ્રતિકૃતિ અને કોફીટેબલ બુક અર્પણ કર્યા હતા. મંત્રીશ્રી બઘેલએ સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત પોથીમાં નોધ્યું કે, સ્ટેચ્યુ ઑફ યુનિટીના દર્શન કરવાનો



અવસર પુનઃ પ્રાપ્ત થયો. સરદાર સાહેબ જેવા વ્યક્તિ જન્મ નથી લેતા, પરંતું ભારત માતાને ગુલામીની જંજીરોમાંથી મુક્તિ માટે અવતરિત થાય છે. મહાપુરુષોના સ્મારકથી જાગૃતિ આવે છે. જાગૃતિથી વિચારો બદલાય છે, વિચારોથી સંઘર્ષ કરવાની ક્ષમતા આવે છે. સંઘર્ષથી સત્તા અને સત્તાથી ઈતિહાસ બને છે. જેને સદીઓ સુધી યાદ કરવામાં આવે છે. એકતાનગર ખાતે આવેલા વિવિધ પ્રકલ્પો પૈકી જંગલ સફારી પાર્ક અને સરદાર સરોવર નર્મદા ડેમની મંત્રીશ્રીએ મુલાકાત લઈ ગાઈડ પાસેથી ઝીણવટપૂર્ણ માહિતી મેળવી હતી. મંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન તેઓની સાથે જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેક્ટરશ્રી નારાયણ માધુ, નાયબ કલેક્ટર પ્રોટોકોલ શ્રી એન.એફ.વસાવા અને નાયબ કલેકટરશ્રી અભિષેક સિન્હા સહિત જિલ્લા વહીટીતંત્ર અને સ્ટેચ્યુ ઑફ યુનિટીના અધિકારી - કર્મચારીશ્રીઓ જોડાયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો. જે લોકો બેરોજગાર છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસાની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે-ઘર્ષણ થાય તેવી પ્રવૃત્તિઓ તમારે ટાળવી જોઈએ.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે. કામના સ્થળે વખાણ થાય એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. પ્રેમ જીવન ગતિશીલ હશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ઘરનું ટેન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેરાન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે.


# પ્રધાનમંત્રીએ કુવૈતમાં ભારતીય ડાયસ્પોરા તરફથી હૃદયસ્પર્શી સ્વાગત પર ખુશી વ્યક્ત કરી









પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈતમાં વાઈબ્રન્ટ ભારતીય ડાયસ્પોરા તરફથી હૃદયસ્પર્શી સ્વાગત પ્રાપ્ત કરવા બદલ ખુશી વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે ભારત સાથે તેમની ઊર્જા, પ્રેમ અને અતૂટ જોડાણ ખરેખર પ્રેરણાદાયી છે. પ્રધાનમંત્રીએ કુવૈતમાં શ્રી મંગલ સાઈન હાંડાજીને મળીને પોતાની ખુશી વ્યક્ત કરી છે. ભારત સાથે તેમની ઊર્જા, પ્રેમ અને અતૂટ જોડાણ ખરેખર પ્રેરણાદાયી છે. તેમના ઉત્સાહ માટે આભારી અને આપણા રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત કરવામાં તેમના યોગદાન બદલ ગર્વ અનુભવીએ છીએ.''

### બંગાળ, આસામ, ત્રિપુરાને બાંગ્લાદેશનો હિસ્સો ગણાવ્યોઃ પછી પોસ્ટ હટાવી

## બાંગ્લાદેશની સરકારના નેતાની પોસ્ટ સામે ભારતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતે બાંગ્લાદેશની વચગાળાની સરકારના નેતા મહેફુઝ આલમ દ્વારા કરવામાં આવેલી સોશિયલ મીડિયા પોસ્ટનો જોરદાર વિરોધ કર્યો છે. થોડા સમય પછી ડિલીટ કરાયેલી પોસ્ટમાં બંગાળ, આસામ અને ત્રિપુરા બાંગ્લાદેશનો હિસ્સો હોવાનો દાવો કરાયો હતો.મહેફુઝ આલમની પોસ્ટ અંગે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ''અમે આ મુદ્દે બાંગ્લાદેશ સામે કડક શબ્દોમાં વિરોધ વ્યક્ત કર્યો છે.

અમારી માહિતી મુજબ જે પોસ્ટનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે તેને હટાવી દેવામાં આવી છે.'' તેમણે કહ્યું હતું કે, ''આવા નિવેદન ચલાવી લેવામાં નહીં આવે. અમે તમામ સંબંધિત પક્ષોને જણાવવા માંગીએ છીએ કે, તેમણે જાહેર ટિપ્પણી અંગે સાવચેતી અપનાવવી જરૂરી છે. ભારતે વારંવાર બાંગ્લાદેશના લોકો અને વચગાળાની સરકાર સાથે સંબંધો વધારવા ઉત્સુકતા દર્શાવી છે ત્યારે આવા નિવેદન જાહેર ટિપ્પણી કરતી વખતે જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂકે છે.'' મહેફુઝ આલમે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''વડાપ્રધાન શેખ હસીનાને જે બળવાને કારણે રાજીનામું આપવાની ફરજ પડી તેને ભારતે માન્યતા આપવી જોઈએ.'' તેમણે પોસ્ટમાં શેખ હસીના સરકારના પતન અંગે ભારત પર ટિપ્પણી કરી હતી. ઉપરાંત પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરાને બાંગ્લાદેશનો હિસ્સો ગણાવ્યો હતો. જોકે, પોસ્ટને થોડા સમય પછી હટાવી દેવાઈ હતી.ઉલ્લેખનીય છે કે, મોહમ્મદ યુનુસના વડપણ હેઠળ ઓગસ્ટમાં વચગાળાની સરકારે બાંગ્લાદેશની સત્તા સંભાળી ત્યારથી ભારત સાથેના સંબંધોમાં તણાવ વધ્યો છે.

### મેચનું સ્થળ હજુ જાહેર કરવામાં આવ્યું નથી

## ભારત-પાકિસ્તાન મેચની નવી તારીખ સામે આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ICC એ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ સંબંધિત ચાલી રહેલા વિવાદનો ઉકેલ તો લાવી દીધો છે. ભારત અને પાકિસ્તાનને ધ્યાનમાં રાખીને હાઈબ્રિડ મોડલને મંજૂરી આપવામાં આવી છે. પરંતુ આ બંને દેશોમાં થતી ઘટનાઓ માટે લાગુ પડે છે. દરમિયાન, ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે ટીમ ઈન્ડિયા અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ મેચ રમાશે. આ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને લઈને બીજી તારીખ જાહેર કરવામાં આવી હતી. રિપોર્ટ એવો હતો કે મેચ ૧ માર્ચે રમાશે. પરંતુ NDTVના એક સમાચાર અનુસાર, ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ મેચ રમાઈ શકે છે. પરંતુ હજુ સુધી આ અંગે સત્તાવાર માહિતી મળી નથી. ICCએ હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું શેડ્યૂલ જાહેર કર્યું નથી. આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં યોજાવાની છે. પરંતુ ટીમ ઈન્ડિયા પોતાની મેચ અન્ય કોઈ સ્થળે રમશે. પરંતુ હજુ સુધી આ અંગે નિર્ણય લેવાયો નથી. ICC ટૂંક સમયમાં પાકિસ્તાનના સહ-યજમાનની જાહેરાત કરશે. આ શ્રીલંકા અથવા યુએઈ હોઈ શકે છે. જો UAEની પસંદગી થાય તો મેચ દુબઈમાં રમાઈ શકે છે. જો શ્રીલંકા ચૂંટાય છે તો સ્થળ કોલંબો હોઈ શકે છે. ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન જવા માટે તૈયાર નહોતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પણ હાઈબ્રિડ મોડલને ન સ્વીકારવા પર અડગ હતું. પરંતુ અંતે પીસીબી રાજી થઈ ગયું. પરંતુ તેણે કેટલીક શરતો રાખી હતી. આઈસીસીએ આ વાત સ્વીકારી લીધી છે. પાકિસ્તાને શરત મૂકી હતી કે જો ટીમ ઈન્ડિયા તેના દેશમાં નહીં રમે તો તે પણ ત્યાં જઈને નહીં રમે.

### મમતાએ સોશિયલ મીડિયા પર નિવેદન શેર કર્યું

## આંબેડકરના અપમાન મુદ્દે મમતા બંગાળમાં વિરોધ પ્રદર્શન કરશે

। (એજન્સી) કોલકાતા, તા.૨૧ ।

તૃણમૂલ કોંગ્રેસના ચેરપર્સન અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આંબેડકરનું અપમાન કરવાના મામલે ૨૩ ડિસેમ્બરે સમગ્ર બંગાળમાં ભાજપ સામે વિરોધ પ્રદર્શન માટે હાકલ કરી છે. તેમણે શુક્રવારે સોશિયલ મીડિયા પર શેર કરેલા નિવેદનમાં ગૃહમંત્રી અમિત શાહ પર આંબેડકર અને બંધારણ સમિતિના અન્ય સભ્યો માટે 'અપમાનજનક ટિપ્પણી' કરવાનો આરોપ મૂક્યો હતો.મમતાએ જણાવ્યું હતું કે, ''આપણા બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરનું અપમાન અસ્વીકાર્ય છે. આ જાતિવાદી ભાજપ સરકારે વારંવાર આપણી લોકશાહી પર હુમલો કર્યો છે.'' મમતાએ ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''બાબાસાહેબ આંબેડકર તેમજ આપણા સ્વાતંર્ત્ય સેનાનીઓના અપમાનના વિરોધમાં ૨૩ ડિસેમ્બરે રાજ્યના દરેક બ્લોક અને મ્યુનિસિપાલિટી તેમજ કોલકાતાના દરેક વોર્ડમાં બપોરે બેથી ત્રણ વાગ્યાના ગાળામાં વિરોધ રેલીનું આયોજન કરાશે.'' તેમણે લોકોને એકત્રિત થઈને લોકશાહી મૂલ્યોને બચાવવાની હાકલ કરી હતી.બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના સુપ્રીમો માયાવતીએ શુક્રવારે જણાવ્યું હતું કે, ભાજપ અને વિરોધ પક્ષો 'બાબાસાહેબ આંબેડકરને માન નહીં આપવાની બાબતમાં એક જ સિક્કાની બે બાજુ' છે. તેમણે એક્સ પર જણાવ્યું હતું કે, ''અમિત શાહે સંસદમાં દલિતો અને અન્ય વંચિત વર્ગોના મસિહા પરમ પૂજ્ય બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકર માટે વાપરેલા શબ્દોથી આ વર્ગોની ભાવનાને ગંભીર ઠેસ પહોંચી છે. તેમણે પોતાના શબ્દો પાછા લેવા જોઈએ.

# કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ






। અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા સંકલન બેઠકમાં અમદાવાદ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મત વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા. આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનો ઝડપથી સમયમર્યાદામાં ઉકેલ લાવવા કલેક્ટરશ્રીએ સબંધિત અધિકારીઓને સૂચના આપી સત્વરે કામ પૂર્ણ કરવા તાકીદ કરી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ રોડ- રસ્તા રિપેરિંગ, સફાઈ અને ગેરકાયદેસર દબાણો દૂર કરવા રજૂઆત કરી હતી. જ્યારે શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ શહેરીજનોની સમસ્યાઓ બાબતે રજૂઆત કરી હતી.

આ ઉપરાંત એસ. ટી. બસ સ્ટોપેજ, આધાર અપડેશન માટેની કિટ, રખડતાં ઢોર, વરસાદી પાણીનો ભરાવો, ગટર અને સેનિટેશનને લગતા પ્રશ્નો સહિતના મુદ્દાઓ ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, રાજ્યસભા સાંસદ શ્રી નરહરિ અમીન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, નાયબ વન સંરક્ષક શ્રી પ્રિયંકા ગેહલોત, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર, અધિક નિવાસી નાયબ કલેક્ટર શ્રી હાર્દ શાહ સહિત સંકલન સમિતિના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## યુકે વિઝાના બહાને ૨૪.૫૦ લાખની ઠગાઇ, યુકેના યુવક સહિત ૯ સામે ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

યુકે વિઝાના બહાને ૨૪.૫૦ લાખની ઠગાઈ કેસમાં યુકેના યુવક સહિત ૯ સામે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે નરોડા પોલીસે તપાસ આરંભી છે. નોંધનીય છે કે, અગાઉ મોડાસામાં પણ આ જ રીતે ઠગાઈ આચર્યાનું બહાર આવ્યું હોવાની જાણ નરોડાના આધેડને થતા તેમણે પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. નરોડામાં ૪૯ વર્ષીય ચેતનભાઈ ઈન્દ્રવદન પરમાર પરિવાર સાથે રહે છે. ચેતનભાઈની મોટી દીકરી વનિતાને વિદેશ જવું હતું. વર્ષ ૨૦૨૩માં ચેતનભાઈએ તેમના ફલેટમાં રહેતા બ્રિજેશભાઈને મળ્યા હતા. બ્રિજેશભાઈ પહેલાંથી લોકોને વિદેશ મોકલવાનું કામ કરતા હતા. દીકરીને વિદેશ મોકલવા બ્રિજેશભાઈએ ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ તેમના ઘરે બેઠક રાખી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મારો ભાણો આદિત્ય અતુલભાઈ દવે હાલ યુ.કે.માં છે અને તે આ કામમાં એક્સપર્ટ છે અને તે કામ કરી આપશે બદલામાં તમારે ૨૫ લાખ ખર્ચ થશે. આ સમયે બ્રિજેશની પત્ની સંજનાએ પણ હાજર રહી બધું કામ થઈ જશે તેમ જણાવ્યું હતું.

## દર્દીના મૃત્યુને લઈને PMJAY યોજનામાં ગેરરીતિનો આરોપ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ નરોડાની શેલ્બી હોસ્પિટલમાં PMJAY યોજના હેઠળ સારવાર લઈ રહેલા ૬૨ વર્ષના દર્દીના મૃત્યુને લઈને વિવાદ ઉભો થયો છે. પરિવારજનો ડૉક્ટરની બેદરકારીનો આરોપ લગાવી રહ્યા છે. નરોડામાં આવેલી શેલ્બી હોસ્પિટલમાં PMJAY યોજના હેઠળ સારવાર આપીને ૬૨ વર્ષીય દર્દીનું ૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ દર્દીની તબિયત બગડતી ગઈ અને થોડા દિવસોમાં તેમનું મૃત્યુ થયું. અમદાવાદના નરોડા વિસ્તારમાં શેલ્બી હોસ્પિટલમાં ૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ ગીર ગઢડાના એક ૬૨ વર્ષના વૃદ્ધ પગમાં તકલીફ થતાં PMJAY કાર્ડ હેઠળ સારવાર માટે દાખલ થયા હતા. ૧૨ ડિસેમ્બરના રોજ તેમનું મોત નીપજ્યું હતું.

# બ્લાસ્ટમાં બે ઈજાગ્રસ્ત, પોલીસને રિમોટ વડે બ્લાસ્ટ કરાયાની આશંકા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલા શિવમ રો હાઉસમાં એક ચકચારી ઘટના બની છે. એક પાર્સલમાં બેટરી બ્લાસ્ટની ઘટના બનતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાને પગલે પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને પાર્સલ લઈ આવનાર આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો, જ્યારે અન્ય આરોપીઓની પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે.

પાર્સલમાં બ્લાસ્ટઃ અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં અને સાબરમતી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ શિવમ રો હાઉસ ખાતે પાર્સલમાં બ્લાસ્ટ થવાની ઘટના બનતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ગૌરવ ગઢવી નામના વ્યક્તિ દ્વારા એક પાર્સલ બળદેવભાઈ સુખડિયાને પાર્સલ આપવામાં આવ્યું હતું, ત્યારે અચાનક જ પાર્સલમાં રહેલી બેટરી બ્લાસ્ટ થતા પાર્સલ લઈ આવનાર ગૌરવ ગઢવી અને બળદેવ સુખડિયા બંને લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ અંગે પોલીસનું માનવું છે કે બહારથી કોઈ ઈસમ દ્વારા રીમોટ વડે બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. શું હતી સમગ્ર ઘટનાઃ સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો શનિવારની વહેલી સવારે શિવમ રો હાઉસમાં રહેતા બળદેવભાઈ સુખડિયાને ઘરે ગૌરવ ગઢવી નામનો વ્યક્તિ જે કાર વોશિંગ સેન્ટરમાં કાર વોશિંગનું કામ કરે છે, તે કોઈ એક અન્ય વ્યક્તિ સાથે એક પાર્સલ લઈને આવ્યો હતો. ત્યારે ગૌરવ અંદર પાર્સલ આપવા જતાં ત્યારે અચાનક જ પાર્સલમાં રહેલી બેટરી બ્લાસ્ટ થઈ હતી. અને બંને લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ચોંકાવનારી વાત એ છે કે બ્લાસ્ટમાં IED નો ઉપયોગ કરાયાની પોલીસને આશંકા છે.

આ મામલે બળદેવભાઈ સુખડિયાએ જણાવ્યું હતું કે, આરોપી રૂપેણ બારોટના છુટાછેડા થઈ ગયા છે અને તેની પત્ની તેમને ભાઈ માને છે. આરોપીનું માનવું છે કે, બંનેના છૂટાછેડા થયા હતા તેમના કારણે થયા છે. તેમ માની અને અદાવત રાખીને રૂપેણ બારોટ દ્વારા ગૌરવ ગઢવીને પાર્સલ લઈ મોકલવામાં આવ્યો હતો અને તે પાર્સલ બ્લાસ્ટ થયું હતું.

પોલીસને આશંકા છે કે બ્લાસ્ટ માટે IEDનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કથિત રીતે જ્વલનશીલ પદાર્થો જેવા કે સ્પિરિટ, બેટરી અને ગન પાવડરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હાલ વધુ તપાસ માટે અને બ્લાસ્ટ કેવી રીતે થયો હતો તેની માહિતી મેળવવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમે તે જાણવા માટે ઘટના સ્થળ પરથી પુરાવા એકત્ર કર્યા છે.

અમદાવાદ સેક્ટર-૧ના JCP નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, "આ બ્લાસ્ટ પારિવારિક વિવાદને લગતા અંગત કારણોસર કરાયો હોવાનું જણાવા મળી રહ્યું છે. અમે પાર્સલ પહોંચાડનાર ગૌરવ ગઢવીની ધરપકડ કરી છે અને કાવતરામાં સામેલ અન્ય વ્યક્તિઓને શોધી રહ્યા છે. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે" સમગ્ર મામલે હત્યાના પ્રયાસનો કેસ નોંધવામાં આવ્યો છે, અને તપાસ ચાલી રહી છે. બીજા સાથીદારનું ઠેકાણું શોધવા અને હુમલામાં વપરાયેલ IED વિશે વધુ વિગતો મેળવવા માટે પોલીસ પૂછપરછ કરી રહી છે. મહત્વપૂર્ણ છે કે, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રૂપેણના ઘરે જ્યારે દરોડા પાડવામાં આવ્યા ત્યારે ત્યાંથી બોમ્બ બનાવવાની સામગ્રી સહિત ત્રણ દેશી કટ્ટા પણ મળી આવ્યા હતા. હાલ આરોપી રૂપેણ બારોટની શોધખોળ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી છે.

## ચાઇનીઝ દોરી, પ્લાસ્ટિક દોરી તથા ચાઇનિઝ તુક્કલ ચગાવવા પર પ્રતિબંધ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે અમદાવાદ પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. અમદાવાદ પોલીસે ચાઈનીઝ દોરીના ખરીદ-વેચાણને લઈને પણ તપાસ હાથ ધરી છે. અમદાવાદ પોલીસે ચાઈનીઝ દોરીને લઈને એક્શન પ્લાન તૈયાર કર્યો છે.ઓનલાઈન ચાઈનીઝ દોરીના વેચાણ પર પણ નજર રાખવામાં આવી રહી છે.અમદાવાદ પોલીસે ચાઈનીઝ દોરીને લઈને ઈ-કોમર્સ વેબસાઈટ પર તપાસ શરૂ કરી છે. સાયબર ક્રાઈમની ટીમે વેબસાઈટ પર સર્ચ હાથ ધર્યુ છે. ઈ-કોમર્સ વેબસાઈટ પર ઓનલાઈન ચાઈનીઝ દોરીની ખરીદી કરવામાં આવે છે. અમદાવાદ પોલીસ કમિશનરે ચાઈનીઝ દોરીને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે.ચાઈનીઝ દોરી, પ્લાસ્ટિક દોરી તથા ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ચાઈનીઝ દોરી, સિંથેટિક પદાર્થ કોટિંગ અને નોન બાયોડિગ્રેબલ દોરી ઉત્પાદનના વેચાણ અને તેના ઉપયોગ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સાથે જ ધાર્મિક લાગણી દૂભાય તેવા લખાણો પતંગ પર ના લખવા માટે સૂચના આપવામાં આવી છે. આ સાથે જ અમદાવાદમાં જાહેર માર્ગો પર પતંગ ચગાવવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

## ગુજરાતની 112 SDPO/ACPની કચેરીમાં નિમણૂક થશે

# તમામ કચેરીમાં ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજરની નિમણૂક થશે

### વૈજ્ઞાનિક ઢબે તપાસ કરી કન્વીકશન રેટમાં વધારો કરવા અને પીડિતોને ન્યાય અપાવવા માટે મહત્ત્વપૂર્ણ પગલું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

ગુજરાતની તમામ 112 SDPO/ACPની કચેરીમાં 'ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર'ની નિમણૂક કરવા ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. વૈજ્ઞાનિક ઢબે તપાસ કરી કન્વીકશન રેટમાં વધારો કરવા અને પીડિતોને ન્યાય અપાવવા ગુજરાત પોલીસ દ્વારા મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ તારીખ ૧લી જુલાઈ, ૨૦૨૪થી અમલમાં મુકવામાં આવ્યો છે. આ ત્રણેય નવા કાયદાઓમાં તપાસની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા ઉપર વિશેષ ભાર મુકી ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થાય તે બાબતે જોગવાઈ કરવામાં આવી છે. જેને ધ્યાને લઈ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યની તમામ 112 SDPO(પેટા વિભાગીય પોલીસ અધિકારી)/ACP(મદદનીશ પોલીસ કમિશનર)ની કચેરીમાં 'ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર'ની નિમણૂક કરવા અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ જણાવ્યું છે કે, ગુજરાત પોલીસ અને ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલ ખૂબ મહત્ત્વપૂર્ણ છે, ભવિષ્યમાં તેના ઐતિહાસિક પરિણામ ચોકકસ જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજ્યમાં કન્વીકશન રેટ વધારવા માટે અલગ-અલગ પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા છે અને કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ હાલ અમલમાં છે. એ જ પ્રયાસના ભાગરૂપે તમામ SDPO/ACPની કચેરીમાં 'ક્રાઈમ સીન મેનેજર'ની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં બનતા તમામ પ્રકારના ગંભીર ગુનાઓની તપાસના સુપરવિઝનની જવાબદારી જીલ્લાઓમાં SDPO અને શહેરોમાં ACPની હોય છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારી તરીકે SDPO/ACP જ્યારે ગંભીર પ્રકારના ગુનાનું સુપરવિઝન કરતા હોય ત્યારે તેઓ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરતા હોય છે અને તપાસ કરનાર અમલદારને વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા માટે માર્ગદર્શન પુરૂં પાડતા હોય છે. તેમની આ જવાબદારીનું યોગ્ય રીતે નિર્વહન થાય તે માટે ફોરેન્સિક સાયન્સ વિષય નિષ્ણાંત અને તાલીમબધ્ધ હોય તેવા ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર તેઓને મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## ત્રણ દિવસ માટે ગુજરાત ગ્લોબલ એક્સ્પોને ખુલ્લો મૂકવામાં આવ્યો

# ૬.૫ કરોડ વર્ષ જૂના ડાયનાસોરના ઈંડા ગુજરાતમાં બન્યા આકર્ષણનું કેન્દ્ર

### DRDO, પાવરગ્રીડ, ઈસરો, GSI, CSIR, NCERT, ICAR, જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, સહિતની સંસ્થા સામેલ છે

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ત્રણ દિવસ માટે ગુજરાત ગ્લોબલ એક્સ્પોને ખુલ્લો મૂકવામાં આવ્યો છે. તા.૧૯મી ૨૧મી ડિસેમ્બર સુધી યોજનારા આ એક્સ્પોમાં જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના સ્ટોલમાં મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે વર્ષ ૧૯૮૩માં મળી આવેલા ડાયનાસોરના ઈંડા અને પગના અતિ પ્રાચીન અવશેષો પ્રદશનમાં મૂકવામાં આવ્યા છે. ડાયનાસૌરના ઈંડા સાડા છ કરોડ વર્ષ જૂના છે. રૈયોલીનો સ્થાનિક વિસ્તાર ડાયનાસોર ફોસિલ પાર્ક તરીકે ઓળખાય છે. રૈયોલી ગામના બાવન હેકટર વિસ્તારમાં મહાકાય ડાયનાસોરની વિવિધ પ્રજાતિઓની સજીવ સૃષ્ટિ અસ્તિત્વમાં હતી. તેના જીવાશ્મ (ફોસીલ) અવશેષો, થીજીને પથ્થર બની ગયેલા ઈંડા, પગના ટુકડા અહીં પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાની ૧૦૦ જેટલી સંસ્થાઓ ભાગ લીધો છે. જેમાં DRDO, પાવરગ્રીડ, ઈસરો, GSI, CSIR, NCERT, ICAR, જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, સહિતની સંસ્થા સામેલ છે. મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે વર્ષ ૧૯૮૩માં મળેલા અને અંદાજે ૬.૫ કરોડ વર્ષ જૂના ડાયનાસોરના ઈંડા તેમજ પગના અતિ પ્રાચીન અવશેષો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજીત 'ગુજરાત ગ્લોબલ એક્સ્પો'માં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવાની પ્રેરણા આપવાની સાથે તેઓ સરકારી વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરી અને તેની સિદ્ધિ વિશે માહિતી મેળવી શકે તે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ત્રણ દિવસના 'ગુજરાત ગ્લોબલ એક્સ્પો'નું ખુલ્લો મુક્યો છે.

એક ખાનગી ફાઉન્ડેશન દ્વારા આયોજીત એક્સ્પોમાં જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના સ્ટોલમાં પ્રદર્શિત કરાયેલા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે વર્ષ ૧૯૮૩માં મળી આવેલા મળેલા ડાયનાસોરના ઈંડા અને પગના અતિ પ્રાચીન અવશેષો મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

ડાયનાસોરના ઈંડા સાડા છ કરોડ વર્ષ જૂના છે. રૈયોલીનો સ્થાનિક વિસ્તાર ડાયનાસોર ફોસિલ પાર્ક તરીકે ઓળખાય છે. રૈયોલી ગામના બાવન હેકટર વિસ્તારમાં મહાકાય ડાયનાસોરની વિવિધ પ્રજાતિઓની સજીવ સૃષ્ટિ અસ્તિત્વમાં હતી.

## રાજ્યમાં જિલ્લા અને નીચલી અદાલતોમાં ૧૬.૯૦ લાખ કેસ પેન્ડિંગ

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતઅને ભારતની અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે એક ગંભીર ચિંતાનો વિષય છે. આ સમસ્યાના મૂળમાં જજની ખાલી જગ્યાઓ, કેસોની જટિલતા અને ન્યાયિક પ્રક્રિયાઓમાં વિલંબ જેવા અનેક પરિબળો છે. ગુજરાત હાઈકોર્ટમાં ૧,૭૦,૯૬૩ જેટલા કેસ પેન્ડિંગ છે, જ્યારે રાજ્યની જિલ્લા તથા નીચલી અદાલતોમાં ૧૬,૯૦,૬૪૩ કેસ પેન્ડિંગ છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય (સ્વતંત્ર હવાલો) તેમજ સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રાજ્યસભાને આ માહિતી પૂરી પાડી હતી. ભારતની સુપ્રીમ કોર્ટમાં કુલ ૮૨,૬૪૦ કેસ પેન્ડિંગ છે, જ્યારે દેશની વિવિધ હાઈકોટમાં કુલ ૬૧,૮૦,૮૭૮ કેસ પેન્ડિંગ છે અને દેશની જુદી-જુદી જિલ્લા તથા નીચલી અદાલતોમાં કુલ મળીને ૪,૬૨,૩૪,૬૪૬ કેસ હાલની તારીખે પેન્ડિંગ છે. ગુજરાત હાઈકોર્ટમાં જજની કુલ મંજૂર કરાયેલી ૫૨માંથી ૨૦ જગ્યા ખાલી પડી છે. જ્યારે ગુજરાતની જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની કુલ મંજૂર કરાયેલી ૧૭૨૦ માંથી ૫૩૫ જગ્યા ખાલી પડી છે. દેશની વિવિધ હાઈકોર્ટમાં જજની કુલ ૧૧૨૨ જગ્યા મંજૂર કરાયેલી છે, જેમાંથી ૩૬૮ જગ્યા આજે પણ ખાલી છે.જ્યારે આજની પરિસ્થિતિમાં દેશની વિવિધ જિલ્લા અને નીચલી અદાલતોમાં કુલ ૨૫૭૪૧ જજની સંખ્યા મંજૂર કરાયેલી છે જેની સામે ૫૨૬૨ જગ્યા હજી ખાલી છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

